ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 2 • અંકઃ 78 • જુલાઈ, 2019

વાતાયન

તંત્રી : ડૉ. ધીમંત પુરોહિત



બહિષ્કૃત ફૂલો

નીરવ પટેલ

ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 2 • અંક: 78 • જુલાઈ, 2019

વાતાયન

'Vatayan' is our tribute to the legendary Gujarati Writer Chandrakant Bakshi, his pen and his column.

તંત્રી: ધીમંત પુરોહિત • સંપાદક: અલકેશ પટેલ

સાંકળિયું

1. નીરવ પટેલની જીવનઝરમર – ડૉ. અશોક ચાવડા
2. દલિતો પીડિતોનો હમદર્દ - ઈન્દુકુમાર જાની
3. રવરવતા અવાજનો કવિ - ડંકેશ ઓઝા
4. એકંદરે ઘણો સારો માણસ - નીરવ પટેલ
5. કવિનો કાવ્યરવ - નીરવ પટેલ

- પ્રકાશક: ન્યૂઝવ્યૂઝ.કોમ વતી ધીમંત પુરોહિત
- આપની કૃતિ મોકલવા માટે ઈમેલ એડ્રેસ : dhimantaajtak@gmail.com
- અવલોકન માટે પુસ્તક મોકલવાનું સરનામું :

Communicators, 509, Shivalik High Street, near Mansi Circle, Vastrapur, Ahmedabad : 380015. Mobile : +91 98798 10101

મેગેઝીન ડિઝાઈન: હર્ષલ ગિલ્ડર

નીરવ પટેલની જીવનઝરમર
ડૉ. અશોક ચાવડા

પ્રિય નીરવભાઈની હાજરીમાં જ એમના વિશે વાત કરવા મળી એનો આનંદ. એમને અને આપ સહુની ભીતર રહેલા નીરવ પટેલોને વંદન સાથે વાત શરૂ કરું છું.

ડૉ. નીરવ પટેલ વિશે પ્રસ્થાપિત સાક્ષરોને કોઈ પરિચય આપવાનો ન જ હોય એ હદે દલિત અને મુખ્ય સાહિત્યધારામાં એમનો અવાજ પડઘાય છે. આજે પ્રત્યેક શ્વાસ સાથે ભરપેટ જીવી લીધાની હાશ સાથે ઝઝૂમી રહેલા પ્રિય વડીલમિત્ર નીરવભાઈની જીવનઝરમર વિશે વાત કરવાની તક મળી એ માટે આપ સહુનો આભારી છું.

આમ તો નીરવભાઈ સાથેનો મારો સંબંધ 1996-97થી. પહેલી મુલાકાત ગૂજરાત વિદ્યાપીઠની ચાની કીટલી પર. એ સમય 1996નો. હું ગૂજરાત વિદ્યાપીઠમાં તે સમયે ઉર્દૂ ભાષા શીખવા જતો હતો. મારા પછીની બેન્ચમાં નીરવભાઈ જોડાયા. પહેલી મુલાકાત વખતે ચાની કીટલીવાળાએ દૂધ ઉકાળ્યા વિનાની ચા પીવરાવી, પણ અમારું મળવું તો બરાબરનું ઊકળી ગયું હતું, પરિણામે સંબંધોમાં ઉંમરનો બાધ ઓગળી ગયો. અલબત્ત, એ નાતે પણ એમના વિશે કહેવા માટે હું નાનો, કારણ કે મારું જન્મવર્ષ 1978 અને 1978થી તો નીરવભાઈનું નામ દલિત સાહિત્યના બેલી તરીકે ગૂંજતું અને ગાજતું રહ્યું છે. તે સમયના અનેક મિત્રો આજે પણ આસપાસ છે, પરંતુ ઘરના મોભીઓની ગેરહાજરીમાં નાનાએ પણ મોટાઓની વાત કરવી પડે એ નાતે મારી વાત આપ સહુ સમક્ષ મૂકું છું.

2 ડિસેમ્બર 1950ના રોજ અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના ભુવાલડી ગામ ખાતે જન્મેલા સોમાના પિતા હીરાભાઈ અને માતા દીવાબહેન. દાદા પૂંજાભાઈ અને દાદી કંકુમા ખેતમજૂરી અને ચર્મકામ સાથે સંકળાયેલાં. ગરીબીની હાડમારી વચ્ચે ગામમાં જ બાળપણ વીતાવનાર નિરક્ષર મા-બાપનો આ લાડલો ભણવામાં હોંશિયાર. મંગળદાસ વાળંદના આ વહાલા વિદ્યાર્થીએ એસ.એસ.સી.માં ડિસ્ટિન્ક્શન મેળવેલું.

1966માં ભુવાલડીનો પરિવારનો લાડકો દીકરો એનાથી બે-ત્રણ વર્ષ અભ્યાસમાં આગળ એવા નટુભાઈ પટેલનાં સાન્નિધ્યમાં અમદાવાદની સેન્ટ ઝેવિર્યસ કૉલેજમાં અભ્યાસ અર્થે આવે છે. ગામનો શરમાળ પ્રકૃતિનો આ વિદ્યાર્થી અમદાવાદની ઝાકઝમાળમાં અટવાયા કરે છે. એના જીવનમાં 1966 થી 1975નો દશકો ખૂબ જ પીડાસભર છે. આ પીડાઓના પરિમાણ સ્વરૂપ લગભગ 1974-75 બાદ એ નામ અને અટક બંને બદલે છે અને આપણી સામે આવે છે નીરવ પટેલ. પહેલાના સોમા સોલંકી એ જ આપણા સહુના હાલના પ્રિય કવિશ્રી નીરવ પટેલ.

'હીરા ચમારનો સંઘ'માં નીરવભાઈએ ગામનાં ઘર-વ્યવસાય વિશે વાત કરી છે. નીરવભાઈ લખે છે : 'ઘરના છેલ્લા અંધારિયા ખંડમાં વખાર કરી છે બાપાએ. એક એક ચામડું માથે મૂકીને હાથરીમાં લાવે છે. પહોળું કરીને પાથરે છે. થોડાં કાચાં ચામડાં છે. થોડાં પાકાં, રંગેલાં ચામડાં છે. મા આવે છે ખારાનું પાણી ભરેલો ઘડો લઈને. કાચાં ચામડાં પર ખારો છાંટે છે. હું બધું જોયા કરું છું.'

અક્ષરની આંટીઘૂંટીએ પુનઃ અભ્યાસમાં મન પરોવ્યું ને નીરવભાઈ ગુજરાત યુનિવર્સિટીમાંથી અંગ્રેજી સાહિત્ય સાથે 1969માં સ્નાતક થયા અને ત્યાર બાદ એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે 1998માં અનુસ્નાતક પણ. કુટુંબમાં ગુજરાતી કક્કો શીખનાર પણ એ જ પ્રથમ હોવાથી અંગ્રેજીની તો વિસાત શી? આ અભ્યાસક્ષુધાનો જ તાપ કે 2009માં 'Gujarati Dalit Poetry (1978-2003)' વિષય પર ડૉ. ડી. એસ. મિશ્રાના માર્ગદર્શન હેઠળ એસ.પી. યુનિવર્સિટીમાંથી એમણે નિવૃત્તિના આરે આવે આવીને પીએચ.ડી.ની પદવી મેળવી.

નીરવભાઈ વ્યવસાયે થોડો સમય કલેક્ટર કચેરીમાં કારકૂન તરીકે જોડાયેલા. પછી 1971ની આસપાસ સેન્ટ્રલ બેન્ક ઑફ ઇન્ડિયામાં જોડાયા તે છેક 2009 સુધી ત્યાં જ. નોકરી દરમિયાન રખિયાલની

જીવણલાલની ચાલીમાં વીસેક વર્ષ રહ્યા. ત્યાર બાદ વેજલપુર અંતિમ મુકામ, જે આજ દિન સુધી. આમ, નીરવભાઈએ ઘર બદલ્યા છે, પણ મન નહીં. એમનું મન તો કાયમ દલિતોની, વંચિતોની પીડાની વાત કહેવા માટે તત્પર રહ્યું છે.

ખેર, ગામમાંથી શહેરમાં આવેલો આ જીવ વ્યવસાયમાં જેટલી સહજતાથી સ્થાયી થયો એટલી સરળતાથી જીવનમાં સ્થાયી નથી થયો. નીરવભાઈ લખે છે : ‘દલિત હોવાનો અહેસાસ તો બાળપણથી જ હતો. ગધાપચીસીની ઉંમરમાં મારા દલિત વારસાને ક્યાં દફનાવવો એ જ વિચારો કરતો હતો. સવર્ણ સમાજની રહેણીકહેણી, ખાણીપીણી, પહેરવેશ, આચારવિચાર, સંસ્કારિતાના મોહમાં પડી જવાયું હતું. મેં માન્યું કે આ સામાજિક-સાંસ્કૃતિક પછાતપણાને મિટાવવાનો એક માત્ર સરળ ઉપાય છે કોઈ સવર્ણા સાથે આંતરજ્ઞાતિય લગ્ન કરવાનો. પ્રેમ નથી તો ભીખમાં મળતો, નથી તો વાણિયાના હાટે વેચાતો. પણ સંજોગોએ મારા એ અભરખા પણ પૂરા કર્યા. પણ પછી તો ગલા ગધેડાની વાર્તા જેવા ઘાટ થયા. 25 જૂન 1979નો એ દિવસ મારા જીવનની સૌથી મોટી હોનારતનો દિવસ હતો. મારી એ ટ્રેજેડી દલિત સમસ્યાને કારણે સર્જાઈ હતી. ડીકાસ્ટ થવા નીકળેલો હું રાતોરાત આઉટકાસ્ટ થઈ ગયો. ઈસુની વાર્તામાં આવતી પાપિણી સ્ત્રીની જેમ સૌ કોઈ મારા ઉપર પથ્થરો વરસાવતા હતા. મેં જેસલ જેવા પાપ હરગિઝ નથી કર્યા, એ મારે કોઈ તોરલને કહેવું હતું.’

આ તોરલ મારા મતે જસુમતિ પરમાર જ. પ્રારંભિક દામ્પત્ય જીવનમાં ખૂબ જ કટુ અનુભવોનું આ ગદ્યખંડમાં પ્રતિબિંબ છે. લગ્નની ચોરીના ચાર જ ફેરા હશે, પણ નીરવભાઈના જીવનમાં અલગ અલગ તબક્કે ફેરા રહ્યા. 1971ની આસપાસ પુત્ર જ્યોતિરના જન્મ બાદ ગામમાં બાળપણમાં નક્કી થયેલાં લગ્ન વિચ્છેદમાં પરિમણ્યા. આ વિચ્છેદનો વિદ્રોહ સમજો તો વિદ્રોહ, નીરવભાઈએ શહેરમાં બીજું લગ્ન એક સવર્ણ યુવતી સાથે કર્યું. નિયતિ અહીં પણ કસોટી કરતી રહી. પુત્રી ઋચાને ભળાવીને થોડા સમય પછી પત્ની અંગત કારણોસર અપમૃત્યુ પામે છે. ત્રીજી પત્ની સમાજની, પણ એ પિયર ગઈ તે ગઈ, પછી કોઈ સગડ નહીં.

શિક્ષણની કસોટીમાં હંમેશાં અવ્વલ રહેતા કવિ આમ સામાજિક કસોટીમાં અટવાતા રહ્યા. આટઆટલી આકરી ત્રિ-કસોટી બાદ નીરવભાઈનાં જીવનમાં આવે છે જસુમતીબહેન.

જસુમતિબહેન સાથેનું દામ્પત્યજીવન સુખરૂપ રહ્યું છે. જ્યોતિર્ અને ઋચા – બે બાળકોનાં પિતા નીરવભાઈ સાથે પાંચ-પાંચ વર્ષની પ્રણય-તપશ્ચર્યા બાદ જસુમતી પરમારનાં પ્રેમલગ્ન. જસુમતિબહેનને 'જલિ'ના હુલામણા નામે નીરવભાઈ સંબોધે. પીટીસી પાસ જસુમતીબહેને થોડો સમય શિક્ષિકા તરીકે કામ કરેલું. જસુમતીબહેન સાથેનું દામ્પત્ય જીવન પ્રેમ-વહેમથી આગળ વધી છેક કુશળક્ષેમ સુધી વિસ્તરેલું રહ્યું છે. આ સુમધુર દામ્પ્ત્યજીવનની ફળશ્રુતિ એટલે નીરવ-જસુમતીનું સંતાન સ્વમાન. પેટા-જ્ઞાતિનો એરુ આ લગ્નજીવનને આભડી નથી શક્યો તેનો રાજીપો. પુત્ર સ્વમાનના નામથી નીરવભાઈએ 'સ્વમાન ફાઉન્ડેશન' પણ ઊભું કર્યું છે તેની વાતો કરતાં પહેલા કવિ નીરવ પાસે પહોંચીએ.

ભુવાલડી જવાના રસ્તે વાડીલાલ શેઠની મકઈનો પાઉડર બનાવવાની મિલ. રસ્તે મિલની ગંધ અને ઘરે ચામડાની ગંધ. આ ગંધમાંથી નીરવમાં કવિતા નામની સુગંધ જન્મે છે. કવિ હોવું એટલે જ દર્દથી ઘરોબો રાખી શકવા સમર્થ હોવું. નીરવભાઈનું જીવન તો જાણે પીડાનો જ પર્યાય. નાતનું દુઃખ, જાતનું દુઃખ, વાતનું દુઃખ અને કેટકેટલાયે વલોપાતનું દુઃખ. આવા દુઃખોના પહાડમાંથી નીરવભાઈની કવિતાનું ઝરણ વહ્યું છે. માર્ગમાં જેટલા વધારે પથ્થર એટલું જ નિર્મળ નીર એમ નીરવભાઈની કવિતામાં પ્રતિબિંબિત થતી સંવેદનાઓ સતત આગવી અને ભાગવી લાગે છે. સામાન્ય માણસ કદાચ આવી પરિસ્થિતિઓમાં નાસીપાસ થઈને અવળો માર્ગ અખત્યાર કરી લે, પણ સોમાભાઈને કવિ નીરવ સતત બચાવી રાખે છે.

વાત જીવનઝરમરની છે અને કોઈ પણ કવિનું કવન જીવનની સમાંતરે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જાણે-અજાણે ચાલતું રહે છે. નીરવની ભીતરે ધબકતા સોમા-રવે પારિવારિક સંબંધોનું ચિત્રણ કરતી કવિતાઓ રચી છે. જેમ કે પિતા હીરભાઈનું પદ્યચરિત્ર 'હીરાકુંડ' નામની કવિતામાં છતું થાય છે, તો પ્રેયસીપત્ની સાથેનો આંતરિક સંવાદ 'કવિતા કરવાનું કહો છો'માં અને પુત્રી ઋચા પ્રત્યેની સાંવેદનિક ભરતી 'ઋચાને પત્ર' નામની કૃતિમાં ઝીલાઈ છે તેમજ 'જ્યોતિર્' કવિતામાં પુત્રમિલાપની

ઝંખના નિરુપાઈ છે. થોડાક અંશ જોઈએઃ

હીરા, આવળનો રંગ તો બરાબર જામ્યો છે
ને પાકાં ગલ પાકી ગયાં છે ચામડાં,
ત્યારે છોકરાં નવડાવતો હોય એવા વહાલથી
ક્યાં લગ મસળીશ આ ચામડાં-સાંજથી સવાર?
આ કુંડના ખારા પાણીની ગંધને
પાકેલી કેરીની સોડમની જેમ
તું ક્યાં લગ ભરીશ ફેફસાં ફુલાવી ફુલાવી?
હીરા, તને આ કુંડની ભારે માયા –
જાણે તુલસીશ્યામના તીર્થનો પવિત્ર કુંડ!
(હીરાકુંડ, બહિષ્કૃત ફૂલો, પૃષ્ઠ-26)

*

માંજારીની મમતા જેવાં
મારાં બે બચ્ચાં લઈ
સાત ઘેર ફર્યો
પણ સાતેયમાં નીંભાડા સળગતા હતા
ને પ્રિય વસુમતી,
તમે મને પ્રસન્ન દામ્પત્યના કિલ્લોલની
કવિતા કરવાનું કહો છો!
(નયા માર્ગ, 1 ઑક્ટોબર, 1985)

*

ઋચા, તારી નસેનસમાં વેદોનું લોહી વહે છે.
શ્રુતિ અને સ્મૃતિઓનાં સ્તનપાનથી બંધાયું છે તારું કલેવર.
તારે શિરે સોહે છે બ્રાહ્મણત્વની કલગી.
મારા બાપુની સાવરણીએ વાળેલા વાડામાં વીત્યું છે તારું શૈશવ
ગૌરીવ્રતના કન્યાકાળે તેં જોયા હતાં ગામ ગોંદરેનાં અમારા ઝૂંપડાં
ત્યારે પ્રથમ વાર જન્મી હતી તારી બાલિશ આંખોમાં જુગુપ્સા
ને તારા કુતૂહલે વાંચ્યો હતો અમ ગમાર પ્રત્યેનો ધિક્કાર –
તારા વડીલોના ચહેરે.

(ઋચાને પત્ર, બહિષ્કૃત ફૂલો, પૃષ્ઠ-52)

ગામડેથી કોઈ આવે છે
ને રુસણે ચઢેલા જ્યોતિરના સમાચાર મળતા રહે છે :
ફેક્ટરીમાંથી થાક્યોપાક્યો આવીને એ
એના બેમાળી ઈંટેરી અંધારિયા ઘોલકામાં ઘૂસી જાય છે,
કેરોસીનનો દીવો પેટાવે છે,
ચૂલે ડુંગળીબટાકાનું શાક ચઢવે છે,
પછી બાજરીના પાંચછ રોટલા કલાડામાં શેકી કાઢે છે,
ખાઈને પલંગમાં પોઢી જાય છે,
રાતભર સાપછછૂંદરની હડિયાપટ્ટી ચાલતી રહે છે ઘરમાં,
એ બધાથી બેખબર બેતમા એ વહેલી સવારે ઊઠી જાય છે,
ટિફિન તૈયાર કરી ફરી નીકળી પડે છે
ફેક્ટરી ભણી.
(જ્યોતિર, વૉન્ટેડ પોએટ્સ)

ખૈર, પોતીકી પીડા હોય કે પારકી, પીડા કોઈને કોઈ માર્ગે માર્ગ કરી લે પછી પીડા પીડા નથી રહેતી. નીરવભાઈની પીડાઓ કવિતાના માર્ગે ચાલી છે. દલિત કવિ નીરવ પટેલની પ્રથમ કવિતા ‘વિવેક આનંદ’ નામના કૉલેજ સામયિકમાં ડૉ. પિનાકિન દવેએ પ્રકાશિત કરેલી.

ત્યાર બાદ મૂળે તો ચળવળના ભાગ રૂપે સાહિત્યિક પરિવેશમાં નીરવભાઈનો દલિત કવિ તરીકેનો પગરવ ગુજરાત દલિત પેંથરના પ્રમુખ ડૉ. રમેશચંદ્ર પરમારના દલિત પેંથર, આક્રોશ સામયિકો થકી થયો. નીરવભાઈ એ સમયે પેંથરમાં બ્લેક પોએટ્રીના અનુવાદોમાં પણ સક્રિય. એ સમય કંઈ ઔર હતો, એનો જુદો તોર હતો. લગભગ 1975 બાદ પેંથરમાં નીરવભાઈની પ્રથમ કવિતાનું પ્રકાશન. ગુજરાત દલિત પેંથરે જ નીરવભાઈના બે અંગ્રેજી કવિતાસંગ્રહો પ્રકાશિત કર્યા છે.

1. burning from the both ends (1980)
2. what did i do to be so black and blue (1987)

આ અંગ્રેજી કવિતાઓમાંની ઘણી કવિતાઓ કવિના ગુજરાતી સંગ્રહમાં જોવા મળે છે. અલબત્ત, અંગ્રેજી કવિતાસંગ્રહોની વિશેષતા એ છે કે કવિએ ક્યાંય કેપિટલ શબ્દ નથી પ્રયોજ્યો. હંમેશાં માથું ઊંચકીને રહેતા કેપિટલ ‘I’ને પણ અન્ય સાથે સ્મોલ રાખ્યો છે. કવિની સમાનતામૂલક વિચારધારાનું આનાથી વિશેષ પ્રમાણ શું હોઈ શકે?

એક બાજુ દલિત પેંથરનું મુખપત્ર 'પેંથર', બીજુ બાજુ મૌન બલોલી, મનીષી જાની, બિપિન મેશિયા જેવા મિત્રોનું 1978-79નું 'તોડફોડ'. આ સામયિકમાં પણ નીરવભાઈ ટપાલથી કવિતા મોકલતા. નીરવ પટેલના પત્રથી શરૂ થયેલો મનીષી જાનીનો સંપર્ક મૈત્રીમાં પરિણમે છે અને આ મૈત્રીએ નીરવભાઈમાં રહેલા કવિને વધારે સંકોર્યો, જે આગળ જતાં દલિત કવિતાનો જીવંત દસ્તાવેજ બની રહ્યો.

14 એપ્રિલ, 1978ના રોજ શરૂ થયેલું કવિતાનું ઋતુપત્ર 'આક્રોશ' દલપત ચૌહાણ, પ્રવીણ ગઢવી અને નીરવ પટેલ જેવી કવિત્રિપુટીનાં કવિતા-અંગારથી સતત ઝળહળતું રહ્યું. અહીં યોગેશ દવેને પણ યાદ કરીએ. એ યોગાનુયોગ છે કે દલિત કવિતાના પાયમાં બે દલિત કવિઓ અને બે બિનદલિત કવિઓ રહેલા છે.

1979માં દલપત ચૌહાણે 'કાળો સૂરજ' સામયિકનું પ્રકાશન હાથ ધર્યું. નીરવભાઈ એમાં પણ સક્રિય. એના તેરેક અંકો પ્રકાશિત થયેલા.

1980માં 'ચાંદની'માં પ્રકાશિત ચંદ્રભાઈ મહેરિયાએ લીધેલી નીરવભાઈની મુલાકાત 'પેટ છૂટી વાત' અંતર્ગત એ ગાળામાં ભાવકો ઉપરાંત સર્જકોને પણ દલિત સાહિત્ય વિશે વધારે વિગતો લોકભોગ્ય બની શકી. આમ, નીરવભાઈ કવિતાલેખન સાથે સાથે બ્લેક પોએટ્રીના અભ્યાસ થકી પણ દલિત સાહિત્યની વિભાવનાને સંકોરવામાં પ્રયાસરત રહ્યા.

આ મુલાકાતમાં નીરવ પટેલ કહે છે : 'ભક્તિવાદી સાહિત્ય, ગાંધીવાદી સાહિત્ય, શ્રમજીવી સાહિત્ય, સમાજવાદી સાહિત્ય, વાસ્તવવાદી સાહિત્ય, અસ્તિત્વવાદી સાહિત્ય, નારીવાદી સાહિત્ય, બ્લેક લિટરેચર, લિટરેચર ઑફ ધ પર્સિક્યુટેડ, પ્રગતિશીલ સાહિત્ય, મુક્તિવાદી સાહિત્ય, પ્રતિબદ્ધ સાહિત્ય, જનવાદી સાહિત્ય, આપણું સાહિત્ય... મને અહીં જ આશ્ચર્ય થાય છે કે આ ને આવી વિવિધ નામરૂપધારી સાહિત્યધારાઓ જન્મે, વિકસે એનો કોઈને કાંઈ વાંધો નથી ને દલિત સાહિત્યનો જ શા માટે વાંધો? અને માની લો કે પ્રસ્થાપિત સાહિત્યને વાંધો હોય એ તો સમજી શકાય પણ એની સામે વિદ્રોહરૂપે જન્મેલા સમાંતર સાહિત્યને શા માટે વાંધો હોવો જાઈએ?'

આમ, નીરવભાઈનો દલિત સાહિત્યનો પ્રત્યેનો ઝુકાવ અભ્યાસ અને વૈવિધ્યસભર પરિસ્થિતિઓના ક્યાસ થકી.

1981ના અનામત વિરોધી આંદોલન વખતે 'આક્રોશ'નો જેતલપુર હત્યાકાંડ વિશેષાંક પ્રકાશિત થયો. આ અંક સાથે સંકળાયેલાં પ્રકાશક રમેશચંદ્ર પરમાર, ચિત્રકાર પાનાચંદ લુણેચિયા અને મૌન બલોલી, બીપિન મેશિયા, મૂળજી પરમાર, અશ્વિન જાની, મનસુખ વાઘેલા, મનીષી જાની તેમજ નીરવ પટેલ – આ સહુએ કાનૂની લડાઈનો સામનો કરવો પડેલો. 'આક્રોશ'ને લઈ સંપાદક-મુદ્રક અને તેમાં છપાયેલી કવિતાઓના કવિઓ ઉપર ક્રિમિનલ કલમ હેઠળ કેસ દાખલ કરી ધરપકડના વૉરંટ બહાર પાડ્યા. અદાલતમાં કવિઓના રીમાન્ડ માંગવામાં આવ્યા, તો સાહેદ બનેલા પ્રિન્ટરે તો પ્રિન્ટિંગ કામ કરાવવા આવતા રમશેચંદ્ર પરમાર અને મનીષી જાનીને ઓળખે છે એમ ફેરવી તોળ્યું. માયાળુ આદરણીય મેજિસ્ટ્રેટે પણ 'કવિતા લખવા બદલ રીમાન્ડ આપી શકાય નહીં' તેમ ઠરાવી તમામને મુક્ત કર્યા. કવિઓ પર કવિતા લખવાના ગુના સબબ ક્રિમિનલ કેસ દાખલ થયો હોવાની આ ઘટના કદાચ પ્રથમ વાર બની હશે.

1983-84ની આસપાસ 'સંઘર્ષ સાહિત્ય સંઘ'ના પ્રમુખ હિમંત ખાટસૂરિયા અને મંત્રી નીરવભાઈ. 1986માં મનીષી જાની સાથે 'પ્રોજેક્ટ ઇન્ડિયા' અંતર્ગત આપણા દેશની સાંસ્કૃતિક પરિસ્થિતિ વિશે લંડનની 25 શાળાની મુલાકાત અંતર્ગત નીરવભાઈ દેશની સાથે સાથે પરદેશની ભૂમિને જાણતા-પિછાણતા થયા.

'સ્વમાન ફાઉન્ડેશન ફોર લિટરેચર'ના સ્થાપક એવા નીરવભાઈ ગુજરાતી લેખક મંડળની સંચાલનસમિતિમાં પણ સક્રિય. 'ગુજરાતી લેખક મંડળ'ની સાત-આઠ લેખન કૌશલ્ય શિબિરોનું પણ એમણે સંચાલન કરેલું. 'સ્વમાન ફાઉન્ડેશન'ના ઉપક્રમે અનેક કાર્યક્રમોનું આયોજન કરતા નીરવભાઈ સાથેનો મારો વિશેષ પરિચય 1998ની દલિત સાહિત્યની લેખન-શિબિરમાં થયો, જે આજ દિન સુધી અકબંધ છે. આમ, કવિતાલેખન સિવાય નીરવભાઈ દલિત સાહિત્યના પ્રચાર-પ્રસારમાં પણ વિશેષ કાર્યરત. 'આક્રોશ', 'કાળો સૂરજ', 'વાચા', 'સર્વનામ', 'સ્વમાન', 'દલિત બ્રધરહૂડ' ઇત્યાદિ સામયિકોનું સંપાદન પણ કરી ચૂકેલા નીરવભાઈએ 'ઇન્ડિયન એક્સપ્રેસ', 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' જેવા અંગ્રેજી અખબારોમાં પણ પ્રસંગોપાત્ત લખ્યું છે. ઇન્ડિયન એક્સપ્રેસમાં 'લોકલ ચેનલ' નામની સંયુક્ત કૉલમ અંતર્ગત નીરવ પટેલ અને મનીષી જાનીએ લગભગ દોઢેક વર્ષ સુધી ટેલિવિઝન પ્રોગ્રામના રીવ્યૂ લખેલા.

આમ, 1975 થી 1985નો ગાળા દલિત કવિતાનો સુવર્ણકાળ. એ ગાળો હતો ચળવળોનો, આંદોલનોનો. ક્રમશઃ ચળવળો મંદ થતી ગઈ, આંદોલનો ઓસરાતા ગયા અને દલિત કવિતા પોતાનાં પ્રાથમિક ધ્યેયથી ચલિત થતી રહી. 1985થી 1995ના ગાળામાં જેટલા દલિત કર્મશીલો એટલી દલિત સાહિત્યની ડેલીઓ ચણાતી રહી. 1995થી 2005માં વિવિધ કંઠીઓ થકી વિવિધ વાડીઓ બનતી રહી ને વાડાઓ વિસ્તરતા થયા. ખૈર, આપણે નીરવ પટેલ તરફ પાછા ફરીએ.

‘બહિષ્કૃત ફૂલો’ એ પ્રકાશિત થયો 2005માં, પરંતુ એમાં 1975થી 2005 દરમિયાન લખાયેલી વિવિધ સંવેદનાઓનો ચિતાર છે. અગાઉના અંગ્રેજી કવિતાસંગ્રહોની કવિતાઓ પણ અહીં ગુજરાતી ભાષાંતર રૂપે સમાવિષ્ટ છે. ‘બહિષ્કૃત ફૂલો’ને પુરસ્કૃત ફૂલો કહેવા પડે એટલી બહોળી સંખ્યામાં આ સંગ્રહ દલિત અને બિનદલિત બંને ધારાના સાહિત્યસર્જકો તરફથી પ્રશંસા પામ્યો છે. 2005નો આ સંગ્રહ 2013માં ‘severed tongues speaks out’ નામે અંગ્રેજીમાં પ્રકાશિત થાય છે. ‘બહિષ્કૃત ફૂલો’ 2016માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી સાહિત્ય એમ.એ.ના પેપર-4 ‘આધુનિક તથા આધુનિક સાહિત્ય’ અંતર્ગત અભ્યાસક્રમમાં સમાવિષ્ટ થાય છે. એમના અન્ય પુસ્તકોમાં સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત 'દલિત કવિતા' સંપાદન પણ ખરું.

નીરવભાઈની કવિતાઓ દલિત અને મુખ્યધારાના વિવેચકોએ વખાણી છેઃ

પ્રવીણ ગઢવી લખે છે તેમ 'એની કવિતામાં ક્રાંતિનો આક્રોશ છે. તે નીરવ-શાંત નથી, પરંતુ સરવ છે, વિરવ છે, વિદ્રોહી રવ છે. બોલકો, તોફાની મેઘની જેમ ગર્જતો કવિ છે.'

મનીષી જાની કહે છે તેમ 'નીરવની કવિતાનું વિશિષ્ટ પાસું છે કે તે બુદ્ધિ અને લાગણી બંનેને એક સાથે આંદોલિત કરે છે અને સંવેદનાના સ્તરે તે વધુ ચોટદાર બની રહે છે.'

જોસેફ મેકવાન કહે છે 'નીરવ દલિત કવિતાનો કલમવીર ને કડખેદ છે. એના વિના દલિત કવિતાક્ષેત્રે અલૂણુ લાગે.'

સુમન શાહ કહે છે : ‘માઈકોવસ્કી, વાલ્ટેર, રુસોમાં ભાષાની જે તાકાત છે તે નીરવમાં છે.’

સિતાંશુ યશ્ચચંદ્ર કહે છે : ‘આટલી વેદનાઓ વેઠવાનું ગજું બહુ ઓછા માણસોનું હોય છે.’

બહિષ્કૃત ફૂલોને ગુજરાતી સાહિત્ય પરિષદનું 2005નું ‘મહેન્દ્ર ભગત પારિતોષિક’ પ્રાપ્ત થયેલું છે. દલિત સાહિત્યને આગવી પીડાથી રળિયાત કરનાર નીરવ પટેલને ગુજરાત સરકારનો 2007-08ના વર્ષનો ‘કબીર એવોર્ડ’ ઉપરાંત ભારતીય દલિત સાહિત્ય અકાદમીનો વર્ષ 2018નો ‘રાષ્ટ્રીય એવોર્ડ’ પણ એનાયત થયેલો છે. નીરવભાઈની કવિતાઓ અંગ્રેજી, ઉર્દૂ, બંગાળી અને મલયાલમ જેવી ઇતર ભાષાઓમાં પણ અનુવાદિત થઈ છે, જે કવનપીડની સચ્ચાઈનું પ્રમાણ છે.

વિવિધ સાહિત્યિક મેળાવડાઓમાં પણ નીરવભાઈ સહભાગી રહ્યા છે તો ‘સાઉથ એશિયન લિટરેચર ફેસ્ટિવલ’, ‘જયપુર લિટરેચર ફેસ્ટિવલ’ ઇત્યાદિ અનેક સભાઓને એમને દલિત સાહિત્યના અભ્યાસુ તરીકે સંબોધી છે. ‘અસ્મિતા પર્વ’માં એમણે આપેલું વક્તવ્ય લલિત સાહિત્યકારોને પણ દલિત સાહિત્ય વિશે પુનર્વિચાર કરવા પ્રેરે છે.

‘બહિષ્કૃત ફૂલો’ બાદનો આગામી સંગ્રહ છે ‘વોન્ટેડ પોએટ્સ’, જે આગામી દિવસોમાં પ્રકાશિત થશે. જોકે વિવેચકોએ નીરવભાઈની કવિતાને ભવિષ્યમાં બે રીતે મૂલવવી પડશે. એક ‘બહિષ્કૃત ફૂલો’ પહેલાં અને ‘બહિષ્કૃત ફૂલો’ બાદ. ‘વોન્ટેડ પોએટ્સ’માં ‘બહિષ્કૃત ફૂલો’ની તુલનામાં ‘બહિષ્કૃત શૂળો’ની સંવેદનાઓ સવિશેષ નિરૂપાઈ છે. હાલ એ સંગ્રહ પ્રકાશાધીન હોવા એના વિશે વિશેષ વાતો ટાળું છું.

મુખ્ય વાત તો એ કે બહુ ઓછા કવિઓ હોય છે જે ‘સ્વાનુભવ’ને ‘સર્વાનુભવ’માં તબદીલ કરી જાણે છે. નીરવ પટેલ એમાનાં એક છે. નીરવ પટેલની કાવ્યરીતિ મુખ્યત્વે ગદ્ય આધારિત છે. કવિ ગદ્ય પાસેથી શું કામ કરાવી જાણે છે એ જાણવા-પ્રમાણવા પણ નીરવભાઈને વાંચવા રહ્યા. નીરવભાઈ પ્રત્યક્ષ હુમલામાં માનતા હોય તેમ તેમની કવિતાઓ સીધી જ વ્યક્તવિશેષોને ટાર્ગેટ કરતી જોવા મળી છે. ગદ્યકવિતાનો આ જાણતલ ગદ્યમાં પણ વાર્તા અને વિવેચનથી કાર્યરત છે.

નીરવભાઈ જ કહે છે : ‘મને શું, એક એક દલિતને એક ન્યાયી સામાજિક પર્યાવરણ આપી જુઓ અને જુઓ કેવો ચમત્કાર થાય છે. મારે મારી દલિત આઇડેન્ટિટીને સંપૂર્ણપણે બેનકાબ કરી દેવી છે. મારે

દંતકથા નથી બનવું. મારે તો માણસ બનીને જીવનના ઉલ્લાસને માણવો છે. મારે બતાવવું છે જ્ઞાતિએ કેટલાં જીવતર રોળી કાઢ્યાં છે. અનેક શક્યતાઓથી સભર માનવીને કેટલો વામણો બનાવી દીધો છે.'

નીરવભાઈની વાત અક્ષરક્ષ સાચી છે. પેંથર સમો આક્રોશ ધરાવતા ડૉ. રમેશચંદ્ર પરમાર આપણી વચ્ચે નથી રહ્યા. રમેશભાઈ, નારણ વોરા અને વાલજીભાઈ પટેલની ત્રિપુટીએ પ્રગટાવેલ મશાલોનું અજવાળું ક્રમશઃ ઝાંખુ થઈ રહ્યું છે એનો ખેદ છે. આજે અનેક દલિત કર્મશીલો ઉંમરના એવા વળાંકે છે જ્યાંથી પુનઃ પ્રારંભનું ચઢાણ કપરું દીસે છે.

દલિત સાહિત્યની એ વિડંબના રહી છે કે જે લોકોએ તેને ઉન્નતિના શિખરે બેસાડ્યું તે લોકોની હાજરીમાં જ એ પતનની ગર્તામાં ધરબાઈ રહ્યું છે. આજે દલિત સાહિત્ય દલિત સંજ્ઞાને ત્યજવાના મોહમાં આંબેડકરવાદી સાહિત્ય અને સમ્યક સાહિત્ય એવી નવી અર્થછાયાઓના મૃગજળમાં ધુબાકા મારી રહ્યું છે ત્યારે મને લાગે છે કે નીરવ પટેલ જેવા બુલંદ અને સ્પષ્ટ વૈચારિક ભાથું ધરાવતા સર્જકની નાદુરસ્ત તબિયત ચિંતાસૂચક છે.

સાંપ્રત સમયમાં લલિત સાહિત્ય મોજશોખની ગાજરની પીપૂડી બની રહી છે અને દલિત સાહિત્ય પણ એની વૈચારિક પાયાની અભિવ્યક્તિથી ઊફરું ચાલી રહ્યું છે ત્યારે સાંપ્રત 'સ્ખલિત' સાહિત્યમાં તે વળી 'લલિત', 'દલિત' એવા પ્રકારોનું શું થશે એ રામ જાણે?

ખૈર, અસામાન્ય માનવ-નામ માટેની કવિતાઓમાં શાબ્દિક ક્રીડા જોઈએ, પણ સામાન્ય માનવ અર્થાત્ આમ માટેની કવિતામાં આંતરિક પીડા જોઈએ. આમ પણ હવેનું સાહિત્ય માત્ર બે ભાગમાં વહેંચાવું જોઈએ. એક 'સંચિતોનું સાહિત્ય' અને બીજું 'વંચિતોનું સાહિત્ય'.

દુઃખની વાત એ છે કે વંચિતોનો વહીવંચો લખનાર ડૉ. નીરવ પટેલ હાલ નાદુરસ્ત છે. એમનાં સ્વાસ્થ્યની પ્રાર્થના સાથે વીરમું છું.

(નીરવ પટેલની જીવન ઝરમર, વક્તવ્ય, ડૉ. અશોક ચાવડા, 4 મે 2019, ગુજરાત સાહિત્ય અકાદમી)

દલિતો પીડિતોનો હમદર્દ

ઈન્દુકુમાર જાની

'કેન્સર એટલે કેન્સલ'ની માન્યતાને ખોટી પાડીને તેમાંથી બચી નીકળેલા કેટલાય લોકો આજે સ્વસ્થ જીવન જીવી રહ્યા છે. એટલે દલિત કવિ નીરવ પટેલ (જ. ૨-૧૨-૧૯૫૦/ મૃત્યુઃ ૧૫-૫-૨૦૧૯)ને ચંદુભાઈ મહેરિયા સાથે એમના ઘરે ચારેક મહિના અગાઉ મળ્યો ત્યારે ઊંડે ઊંડે એવી આશા હતી કે તે જીવી જશે. ઓપરેશનો, કેમો થેરાપી દવાઓનાં ટેકે તેમજ આત્મબળ સાથે કેન્સરને નીરવે જબરદસ્ત ટક્કર આપી. અંતિમ દિવસો સુધી ૬૮ જેટલી કવિતાઓ લખી. ચોથી તારીખે ગુજરાત સાહિત્ય અકાદમીએ નીરવનું જાહેર સન્માન કર્યું... જોકે નીરવ કોઈ સન્માનના મોહતાજ નહોતા પરંતુ કહેવાતી મુખ્યધારાની સંસ્થાને આ સુઝ્યું એ બીના નોંધપાત્ર છે. નીરવનો એકમાત્ર ગુજરાતી કાવ્યસંગ્રહ 'બહિષ્કૃત ફૂલો' (૨૦૦૬) ઉપરાંત અંગ્રેજીમાં લખેલી કવિતાઓનાં બે સંગ્રહો:'બર્નીન્ગ ફ્રોમ બોથ ધ એન્ડ્સ' અને 'વોટ ડીડ આઈ ડુ ટુ બી સો બ્લેક એન્ડ ડબલ્યુ.' અહીં નોંધવું રહ્યું કે નીરવે અંગ્રેજી વિષયમાં એમ.એ કરેલું અને દલિત સાહિત્ય પર પીએચડી.

'નયા માર્ગ' ને ૧૯૮૩થી નીરવની કલમનો લાભ મળતો થયો. કવિતાઓ ઉપરાંત ક્યારેક રેડિયો પર રજૂ થતો કાર્યક્રમ 'અમૃતધારા' પણ 'નયા માર્ગ'ના પૃષ્ઠો પર છપાતો. ૧-૨-૧૯૮૭ના અંકમાં દલિત સાહિત્ય સંદર્ભે નીરવ પટેલની મુલાકાત ચંદુ મહેરિયાએ લીધી હતી. નિખાલસપણે 'પેટ છૂટી વાત' કરી હતી. બ્લેક લિટરેચર વિશેનો એમના અભ્યાસ ખૂબ જ ગહન. 'એક બોક્સરની જેમ જાણે કે શબ્દોના હિંસક હુમલાથી સામેવાળાને લોહીલુહાણ કરી નાંખવો હોય એવો આક્રોશ અને વેદનાસભર મિજાજ' આ મુલાકાતમાં ઝીલાયેલા. કેટલાક વિધાનો:

- દલિત સંજ્ઞા રૂઢીગત રીતે 'અસ્પૃશ્ય જાતીઓ'ના પર્યાય તરીકે પ્રચલિત છે અને ડૉ. આંબેડકરે પણ એને એ જ અર્થમાં એમનાં લખાણોને ભાષણોમાં પ્રયોજી છે. એ અર્થમાં અર્થછાયા સુનિશ્ચિતને મર્યાદિત છે અને એટલે જે લોકસમુદાયો જાતીગત દમન તથા અસ્પૃશ્યતાને કારણે સામાજિક- સાંસ્કૃતિક- આર્થિક એવા જીવનના દરેકે દરેક ક્ષેત્રે પાયમાલ થતા હડધૂત થતા રહ્યા, ઉવેખાયા; તેમના જીવનને કેન્દ્રવર્તી ગણીને તેમની મુક્તિ તથા અસ્મિતાના સંઘર્ષમાં પૂરી નિષ્ઠા ને પાકી

પ્રતિબદ્ધતાથી કલમ લઈને જોતરાય તે દલિત સાહિત્યકાર... ને એવું સર્જન તે દલિત સાહિત્ય. એ સ્પષ્ટ કરવાની ભાગ્યે જ જરૂર રહે છે કે આ સાહિત્ય સર્જનાર કોઇપણ હોઈ શકે- દલિત કે અદલિત.

મારે અહીં સ્પષ્ટતા કરવી છે કે દલિત સાહિત્ય એ સમસ્યામુલક સાહિત્ય છે ને એ બહુ સીમીત ધ્યેય લઈને જન્મ્યું છે. જેમ નારીવાદીઓની આર્થિક ઉપરાંત આગવી ને અલયાદી સમસ્યા છે તેમ દલિતો વિશે પણ છે. તેઓ ન કેવળ ગરીબી રેખા નીચે જીવે છે, બલ્કે માનવીય ગૌરવ રેખાની નીચે, પશુથી બદતર જીવે છે. દલિત સમસ્યા અને સવાલના હર પહલુને કેવળ દલિત સાહિત્ય જ ન્યાય આપી શકે ને માટે જ એના ઉપર સંપૂર્ણપણે, મુખ્યપણે પ્રકાશ પાડવા માટે દલિત સાહિત્યની અનિવાર્યતા છે.

દલિત સાહિત્યની આગવી આઈડેન્ટીટી છે ને એમાં કેડર વધારવાની કોઈ રાજકીય ચાલબાજીથી ભેળસેળ શક્ય નથી. છતાં હું કહીશ કે દલિત સાહિત્ય અન્ય પ્રગતીશીલોની સાથે છે, સામે નહીં.

દલિત સાહિત્યની ક્રાંતિકારકતા અન્ય સર્વે ક્રાંતિકારક સાહિત્ય ધારાઓથી સવાઈ છે. કારણ કે ‘દલિત’ સંજ્ઞાથી ભારતીય સમાજના માળખામાંથી જન્મી શકે તેવા તમામ પ્રકારનાં દમન- શોષણની અનુભૂતિ વ્યક્ત થાય છે. ત્યારે સ્વાભાવિક રીતે જ દલિત સાહિત્ય આમૂલ પરિવર્તન ઝંખતું સાહિત્ય છે, એની કટ્ટર ક્રાંતીકારકતા એને એના પરંપરાગત દુશ્મનો સામે તો લડવા કહે છે જ પણ બીજી કહેવાતી કેટલીક મુક્તીવાદી- સમાનતાવાદી ધારાઓ સામે પણ લડવાની શક્યતાઓ સામે સજાગ કરે છે. વખતે એને કોમ્યુનીસ્ટો કે ફેમીનીસ્ટો સાથે પણ સંઘર્ષમાં ઉતરવું પડે એવા ધરમુળના પરિવર્તનની એની નેમ છે.

ઉદાહરણ તરીકે: જેતલપુર ગામમાં સ્વામીનારાયણ સંપ્રદાયનું પ્રસિદ્ધ મંદિર હોવા છતાં ભગવાન કે ધર્મ કે ધર્માધિકારી આવી હિંસાખોરીને રોકી શકતા નથી બલકે આંખ આડા કાન કરે છે ત્યારે કવિતામાં એવા ભગવાન કે મહંતની માન- મર્યાદા સાચવ્યા બેધડક કહેવામાં આવ્યું કે:

બહેરા સ્વામિનારાયણનો બાવો
આંખે શિક્ષાપત્રીના પાટા બાંધી
મીઠી નિદ્રામાં મહાલતો હતો

એ જ રીતે આગળ ઉપર નન્યાતંત્રની નપુંસકતાની પણ ઠેકડી ઉડાડવામાં આવી. માલેતુજાર ને માથાભારે લોકોની બીકે ન્યાય પણ કેવા 'મુતરી' જતો હોય છે એ વાતને અસરકારક ને ધારદાર બનાવવા નાછૂટકે શબ્દની વિવિધ ને વિપુલ શક્તિઓમાંની એક શક્તિ એટલે કે અશ્લીલતાને પણ કામે લગાડાઈ. અન્યત્ર એથી પણ આગળ જઈ 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ને શાંતિ તથા પ્રેમભર્યા સહઅસ્તિત્વની ભાવનાથી પ્રેરાઈને દલિતો-પીડિતોના પક્ષે યુનોથી માંડી અન્ય આંતરરાષ્ટ્રીય સહાય પણ મંગાઈ આ કવિતામાં...

"આજની ગુજરાતી કવિતામાં નીરવ પાસેનું આ સર્જન- કૌશલ્ય અનોખું છે અને એટલે જ કવિ નીરવ પટેલનો ચાહકવર્ગ વિશાળ છે'' એવું મનીષી જાનીએ 'બહિસ્કૃત ફૂલો'માં નોંધ્યું છે. એમણે સાથોસાથ 'જેતલપુર હત્યાકાંડ: એક દસ્તાવેજ' કવિતાની ચર્ચા પણ કરી છે. આ રચનાએ ગુજરાતી સાહિત્યમાં એક ઈતિહાસ રચ્યો છે. તેમ છતાં ચન્દ્રકાંત બક્ષી 'કુત્તી' અંગે જેટલી ચર્ચા થઇ છે તેની તુલનામાં આ રચના તેમજ કવિ નીરવ પટેલ કહેવાતી મુખ્યધારા માટે 'બહિષ્કૃત' રહ્યા છે! આ રચના સંદર્ભ તત્કાલીન પોલીસ કવિ નીરવ અને અશ્વિન જાનીને પોલીસ કસ્ટડીમાં નાંખ્યા હતા, પાંચ દિવસના રિમાન્ડ માગ્યા હતા.. એ પ્રસંગે મનીષી જાનીએ નોંધ્યો છે:

''જેતલપુર હત્યાકાંડ પર લખાયેલી કવિતાઓ પરના વિશેષ 'આક્રોશ' અંકે મોટા પાયે વિવાદ છેડ્યો. કોંગ્રેસ સરકારે આ 'આક્રોશ'ને લઇ સંપાદક- મુદ્રક અને તેમાં છપાયેલી કવિતાઓનાં કવિઓ ઉપર ૧૫૩ એ- બીની ક્રિમીનલ કલમ હેઠળ કેસ દાખલ કરી ધરપકડના વોરંટ બહાર પાડ્યા. કવિ નીરવ પટેલ અને અશ્વિન જાનીને ઘરેથી ધરપકડ કરી પોલીસ કસ્ટડીમાં નાંખ્યા. ડૉ. રમેશચંદ્ર પરમાર, અન્ય કવિઓ અને હું ઘરથી બહાર હોવાથી તે દિવસે પોલીસ પકડી શકી નહીં. પરંતુ સૌ કવિઓનાં ઘર પોલીસે ફેંદી નાખ્યાં. બીજા દિવસે સવારે પોલીસ નીરવ અને અશ્વિનને ન્યાયાધીશ પાસે લઇ ગયા. અધિકારીએ 'જેતલપુર હત્યાકાંડ: એક અહેવાલ' કવિતાની પંક્તિઓ સંભળાવી:

'.... એમણે રોક્યો હાર્વર્ડનો એલ.એલ.એમ
રોક્યો ચાણક્ય ચતૂર,
રોક્યો બીરબલ બાહોશ,
રોક્યો પાલખીવાળો,
રોક્યો પખાલવાળો.
બાપડો ન્યાયધીશ પણ મુતરે એમનું નામ
સંભાળી!
અદૃલે- જહાંગીરીની વાત જવા દો!...'

સાથે સાથે મારી 'અમને વિશ્વાસ છે' કવિતા પંક્તિઓ 'આક્રોશ'માંથી નોંધીને ન્યાયધીશને બતાવી અને કહ્યું કે 'સાહેબ! આ કવિઓ તો તમારા માથામાં ત્રાજવાના કાંટા ભોંકવા માગે છે, તમારા જ હથોડા તમારા માથે ઠોકવા માંગે છે.. એટલે અમારે એમનું સાહિત્ય અને એ ક્યાં છપાય છે એના પુરાવા એકઠા કરવા છે એટલે પાંચ દિવસના પોલીસ રિમાન્ડ આપો સાહેબ!' ન્યાયધીશ સમજુ હતા એમણે ક્રાઈમ બ્રાંચના પોલીસ અધિકારીઓને કહ્યું: 'કવિતા લખવા બદલ કંઈ રીમાન્ડ ના અપાય!' અને પોલીસ જયારે બોલાવે ત્યારે ક્રાઈમ બ્રાંચમાં હાજર થવું એવી શરત સાથે સૌને જામીન પર છોડ્યા. પોલીસે ગાયકવાડ હવેલી ખાતે અમને બોલાવી સંપાદકથી માંડી સૌ કવિઓના હાથની પંજાની છાપો લઇ રીતસર સરકાર ઉથલાવવાના કાવતરાનો, સમાજમાં વિભાજન કરવાનો ક્રિમીનલ કેસ માંડ્યો. લગભગ આઠ દસ દિવસ રોજે રોજ બોલાવી લાંબી પૂછપરછ અને ઉલટતપાસની હેરાનગતિ ચાલી. અમારી સામે થયેલા આ ક્રિમીનલ કેસને અમે હાઈકોર્ટમાં પડકાર્યો અને એકાદ વરસ પછી આ કેસ સરકારે પાછો ખેંચેલો.''

'બહિષ્કૃત ફૂલો'ની પ્રસ્તાવના માત્ર એક જ પેજની છે. તેમાં 'પ્રિય વાચક' સાથે નીરવે સીધો જ સંવાદ સાધ્યો છે. એક અંશ:

''... હું આવી જ કવિતા લખું છું. મારે ભાગે આવી જ કવિતા આવી છે 'दलित कविता'. અલબત્ત, આ કવિતા પણ ફૂલોની જ છે પણ આ ફૂલો બહિષ્કૃતફૂલો છે, અસ્પૃશ્ય ફૂલો છે. થાય છે, ક્યારેક હું પણ લખી શકું: ઉંબરે ઉભી સાંભળું રે બોલ વાલમના! મને ક્યારે એવી સામાજિક મોકળાશ સાંપડશે? કેવળ કલ્પના કરવીય ગમે છે કે પાટનગરના માર્ગોની જેમ તારું નામ કેવળ क હોય ને મારું નામ કેવળ ख હોય; તારે શીરે ન નાતની કલગી, મારી પૂંઠે ન જાતની પૂંછડી!

"આ કવિતાઓ લખીને મેં મને ખૂબ પીડયો છે અને હવે હું તને પીડવા જઈ રહ્યો છું. કારણ કે હું તને મારો વાચક જ નહીં, મારો હમદર્દ પણ બનાવવા માંગું છું. કદાચ તો જ મારી પીડાનો અંત આવે અને તને-મને સૌને સાંભળવી ગમે છે એવી કવિતા ક્યારેક રચી શકું"

ગુજરાતમાંથી સામ્યવાદી પક્ષમાં ચૂંટાયેલા એકમાત્ર ધારાસભ્ય બટુક વોરા રૂઢીચુસ્ત- જુનવાણી હિંદુત્વવાદી વિચારધારા ધરાવનારઓને 'હિંદુ તાલીબાન' કહેતા. તા. ૩.૧૦.૨૦૦૩ના 'ધ ટાઈમ્સ ઓફ ઇન્ડિયા'માં ખંજર, તલવાર, ભાલા, લાઠીથી સજ્જ આરએસએસના બાલ સ્વયંસેવકોની પ્રગટ થયેલી તસવીરથી સ્ફુરિત રચના 'બાલ સ્વયંસેવક' આ કાવ્યસંગ્રહમાં છપાઈ છે તે વાંચીને બટુક વોરા યાદ આવી ગયા:

સમરસતાનું સૂત્ર લઈને
તેઓ દલિત વસ્તીમાં આવ્યા:

પહેલાં તો એમણે
એની ખાખી ચડ્ડીના ખિસ્સામાં
ચોકલેટ મૂકી.
પછી મુક્યો ચોક.
એણે તો બાલસહજ લખ્યું; 'ભારત મારો દેશ છે
બધા ભારતીયો મારાં ભાઈબહેન છે..'
તેઓ ચોંકી ઉઠ્યા શિશુસહજ ભ્રાતૃભાવથી!

'કથાઓ ઘડીને કહેવી પડશે આર્ય અને મ્લેચ્છની
દુષ્ટ પર ઇષ્ટના વિજય માટે સુદર્શન વગેરેની.'

હવે તો તે સવાયો હિંદુ બની
ધોળા ખમીસના ખિસ્સામાં
હોંશેહોંશે ત્રિશુળ ખોસીને જાય છે.
શીબીરમાં, શાખામાં
સ્વયંસેવક બની.

નીરવ પટેલે જે બાવા-બાવીઓની ટીકા કરેલી: આજે એમને સારા કહેવડાવે એવા ઉમાભારતી, યોગી આદિત્યનાથ, ઋતંભરા, પ્રજ્ઞા ઠાકુર જેવો સમાજજીવન પર ભરડો લેતા જાય છે... જયારે નીરવ પટેલની ખૂબ

"આ કવિતાઓ લખીને મેં મને ખૂબ પીડયો છે અને હવે હું તને પીડવા જઈ રહ્યો છું. કારણ કે હું તને મારો વાચક જ નહીં, મારો હમદર્દ પણ બનાવવા માંગું છું. કદાચ તો જ મારી પીડાનો અંત આવે અને તને-મને સૌને સાંભળવી ગમે છે એવી કવિતા ક્યારેક રચી શકું''

ગુજરાતમાંથી સામ્યવાદી પક્ષમાં ચૂંટાયેલા એકમાત્ર ધારાસભ્ય બટુક વોરા રૂઢીચુસ્ત- જુનવાણી હિંદુત્વવાદી વિચારધારા ધરાવનારઓને 'હિંદુ તાલીબાન' કહેતા. તા. ૩.૧૦.૨૦૦૩ના 'ધ ટાઈમ્સ ઓફ ઇન્ડિયા'માં ખંજર, તલવાર, ભાલા, લાઠીથી સજ્જ આરએસએસના બાલ સ્વયંસેવકોની પ્રગટ થયેલી તસવીરથી સ્ફુરિત રચના 'બાલ સ્વયંસેવક' આ કાવ્યસંગ્રહમાં છપાઈ છે તે વાંચીને બટુક વોરા યાદ આવી ગયા:

સમરસતાનું સૂત્ર લઈને
તેઓ દલિત વસ્તીમાં આવ્યા:

પહેલાં તો એમણે
એની ખાખી ચડ્ડીના ખિસ્સામાં
ચોકલેટ મૂકી.
પછી મુક્યો ચોક.
એણે તો બાલસહજ લખ્યું; 'ભારત મારો દેશ છે
બધા ભારતીયો મારાં ભાઈબહેન છે..'
તેઓ ચોંકી ઉઠ્યા શિશુસહજ ભ્રાતૃભાવથી!

'કથાઓ ઘડીને કહેવી પડશે આર્ય અને મ્લેચ્છની
દુષ્ટ પર ઇષ્ટના વિજય માટે સુદર્શન વગેરેની.'

હવે તો તે સવાયો હિંદુ બની
ધોળા ખમીસના ખિસ્સામાં
હોંશેહોંશે ત્રિશુળ ખોસીને જાય છે.
શીબીરમાં, શાખામાં
સ્વયંસેવક બની.

નીરવ પટેલે જે બાવા-બાવીઓની ટીકા કરેલી: આજે એમને સારા કહેવડાવે એવા ઉમાભારતી, યોગી આદિત્યનાથ, ઋતંભરા, પ્રજ્ઞા ઠાકુર જેવો સમાજજીવન પર ભરડો લેતા જાય છે... જયારે નીરવ પટેલની ખૂબ

ખૂબ જરૂર હતી અને ત્યારે જ એણે વિદાય લીધી તેથી કયારેય પૂરી ન શકાય એવી ખોટ પડી છે. 16મી એ સવારે 9 કલાકે નીરવના નિવાસસ્થાન હેમાંગ પાર્કથી અંતિમયાત્રા નીકળી... મનીષી જાનીએ લખ્યું છે:

"મિત્ર નીરવ પટેલ, જેમ છંદભંગનો કવિ હતો એમ જ ધાર્મિક- સામાજિક રૂઢી રીવાજ ભંજક પણ હતો. એ કોઈપણ ધર્મમાં માનતો નહોતો. તેની અંતિમ વિદાયમાંય તેનાં પરિવારે કોઈ ધાર્મિક વિધિ રાખી નહીં.

" આપણે ત્યાં સ્ત્રીઓ માટે હજીય મહદ્અંશે સ્મશાનગૃહ જવાની સામાજીક પરવાનગી નથી ત્યારે નીરવના પત્ની જશુમતી, દીકરી ઋચા અને પુત્રવધુ રૂપલે સ્મશાનગૃહમાં હાજર રહી નીરવને અંતિમ વિદાય આપી. જ્ઞાતિના રીતરિવાજ પ્રમાણે પત્નીની બંગડીઓ-ચુડી તોડવાની નિષ્ઠુર વિધિથી પણ પરિવાર અળગો રહ્યો અને ખાસ તો ઈલેક્ટ્રીક સ્મશાનગૃહમાંથી અસ્થીઓ લેવાનો દીકરા સ્વમાને ઇનકારકર્યો ને અસ્થીવિસર્જનની ધાર્મિક વિધિ પર પૂર્ણવિરામ મૂકી દીધું!

" અર્થહીન ધાર્મિક- સામાજિક રૂઢીઓ તોડવા બદલ નીરવ પરિવારને સ્નેહસભર સલામ..."

'નયા માર્ગ' વતી એક હમદર્દ સાથીને અશ્રુભીની સલામ!

રવરવતા અવાજનો કવિ

ડંકેશ ઓઝા

દતિતોનાં વ્યથા અને વીતક એકવીસમી સદીમાં, રાજકીય સરકારો બદલાતી રહેતી હોવા છતાં, ઘટવાનું નામ લેતાં નથી. ભારતીય સંસ્કૃતિ ગમે તેટલી મહાન માનીએ પણ સોનાની થાળીમાં લોઢાની મેખ જેવી આ આભડછેટ અને તેમના પ્રત્યેનો દુર્વ્યવહાર ઓસરતાં નથી. સ્વામી સચ્ચિદાનંદે આ બાબતે લાલબત્તી ધરી હતી અને પોકાર્યું હતું કે “આ છેલ્લી ટ્રેન છે !' તેને કદાચ પચાસ વર્ષ થવા આવ્યાં. પણ હજુ સમાજ વિધાયક ગતિ માટે પૂરતો સળવળતો નથી. ગાંધીજીએ ભારતીય સંસ્કૃતિની મહાનતા વિશે લખવાનો પ્રયત્ન કર્યો, અને પહેલા વાક્યે જ અટકી ગયા. કારણ કે તેમને આ સંસ્કૃતિનું અસ્પૃશ્યતાનું કલંક યાદ આવેલું !

ગાંધીએ અને દલિતોના મસીહા મનાતા ડૉ. બાબાસાહેબ આંબેડકરે પોતપોતાની આગવી રીતે સમસ્યાના નિવારણના પ્રયાસો હાથ ધર્યા. તેમાંથી કાળક્રમે દલિત સાહિત્યનો જન્મ થયો. નીરવ પટેલ (તા. ૨-૧૨-૧૯૫૦ થી તા. ૫-૫-૨૦૧૯) દલિત સાહિત્યનો એક બળુકો અવાજ હતા. દલિત કવિતા બદલ તેમની ધરપકડ થયેલી, જેલમાં જવાનું પણ બનેલું બધા કવિઓના નસીબમાં આ હોતું નથી.

અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ભુવાલડી ગામે નીરવનો જન્મ. શરૂઆતનું નામ સોમા હીરા ચમાર. જેમાંથી ૧૯૭૧ની આસપાસ તેઓ નીરવ પટેલ બન્યા. શરૂઆતમાં ગામમાં, પછી રખિયાલની ચાલીમાં રહેતા. સેન્ટ ઝેવિયર્સમાં અભ્યાસ કર્યો, બેંકમાં નોકરી મળી તે છેક સૌરાષ્ટ્રના ખૂણે ઉનામાં, જે હવે દલિત હત્યાકાંડ માટે વધારે જાણીતું છે. અંગ્રેજીનો અભ્યાસ ખૂબ સારો, એટલે શરૂઆતમાં કવિતા તેમણે અંગ્રેજીમાં લખી. અમદાવાથી પ્રગટ થતા બે અંગ્રેજી દૈનિકોમાં અને અન્ય સામયિકોમાં તે છપાતી રહી. પરિણામે ગુજરાતી ભાષાની પહોંચ બહાર પણ તેમનું નામ જાણીતું થયું. એ બે સંગ્રહો છે : Burning From Both Ends અને What Did I Do to be So Black and Blue.

જાતે કવિતા લખવા ઉપરાંત બીજા લેખો પણ તે લખે અને તેનો વ્યાપક પ્રચાર થાય તે હેતુથી તેઓ આક્રોશ, સ્વમાન, સર્વનામ,

આહવાન, વાચા જેવાં અનેક સામયિકોના સંપાદનકાર્યમાં પણ જોડાય છે. સૌથી પહેલું દલિત કવિતાનું સામયિક 'આક્રોશ' તે છેક ૧૯૭૮માં. તે વખતે કવિ ત્રિપુણી દલપત ચૌહાણ, પ્રવીણ ગઢવી અને નીરવ પટેલ. કવિનો કાવ્યસંગ્રહ 'બહિષ્કૃત ફૂલો' ૨૦૦૬માં અને હમણાં ગુજરાત સાહિત્ય અકાદમીએ નીરવની "ચૂંટેલી કવિતા"નું પ્રકાશન કર્યું ત્યારે અવસાનના થોડા દિવસો પહેલાં નીરવ વ્હીલચેરમાં હાજર પણ કશું બોલી શકેલા નહિ. હવે તેમનો નવો સંગ્રહ રઘુવીર ચૌધરીના રંગદ્વાર પ્રકાશન દ્વારા આવી જ રહ્યો છે જેનું શીર્ષક હશે : 'વોન્ટેડ : પોએટ્સ. આ ઉપરાંત દિલ્હીની સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત 'ગુજરાતી દલિત કવિતા'નું સંપાદન નીરવે ૨૦૧૦માં કરેલું. જેમાં તેમણે પ્રસ્તાવનામાં એવું લખ્યું છે કે જન્મે બિનદલિત એવા એટલા બધા ગુજરાતી કવિઓ છે જેમને લઈને એક દલિત કવિતા સંચય બની શકે ! ગૂજરાતી સાહિત્યમાં દલિત કવિતાને લઇને અવાર-નવાર ચૂંથણાં થયાં છે. તેમાં કવિતા ઓછી છે, દલિત વ્યથા વધારે છે એવી વાતો થઈ છે. તેને જવાબ વાળતાં નીરવે પ્રસ્તાવનામાં જે લખ્યું છે તે યાદ કરવા જેવું છે : "હા, દલિત સૌંદર્યશાસ્ત્રના મૂળભૂત નિયમની યાદ અપાવું : તલવારનું સૌંદર્ય એની હીરાજડિત ને સુંદર નકશીકામ કરેલી મૂઠમાં નહિ બલ્કે તીક્ષ્ણ પ્રહાર કરી શકે તેવી તેની ધારમાં રહેલું છે. અલબત્ત જેમાં નકશીકામ પણ હોય અને તીક્ષ્ણ ધાર પણ હોય તો તે સોનામાં સુહાગા. દલિત કવિએ તે સિધ્ધ કરવાનું રહે છે તેમ પુરોગામીઓનું મહત્વ છે, એમ અનુગામીઓનું પણ. અને એ તો ગુજરાતી દલિત કવિતાની ઊજમાળી આશા છે."

નીરવ પટેલ મારી દૃષ્ટિએ માનવતાના કવિ છે. પ્રત્યેક માણસ પોતાનો ઉદય ઇચ્છે છે. બંને સરકાર અને સદભાવનાના માહોલમાં વિકસે એમ પણ ઇચ્છે છે. આ પ્રક્રિયામાં ધર્મ, જ્ઞાતિ, પૈસો, રૂઢિ, પ્રાદેશિકતા જેવા અનેક અંતરાયો આવે છે. જ્ઞાતિથી આગળનો પેટાજ્ઞાતિવાદ આ માનવતાવાદી કવિને પીડે છે. તેમની કવિતા છે : મા, મૈં "ભલા કે મેરા ભાઈ કવિતાની શરૂઆતની પંક્તિઓ છે :

તુમ્હારે ઢેડફજેતે સે તો મૈં તંગ આ ગઈ,
તુમ્હારે બાબા ક્યા ગયે કે

તુમને મેરા ઘર બોડી બામણીકા ખેતર બના દીયા !"
લાંબી કવિતાનો અંત છે :

"ઔર આજ કે બાદ કભી મત પૂછો
કે મેં મોટા કે મેરા ભાઈ
નહિ તો ચિલ્લાઉંગી કી ભરી બજાર-
તું મૂઆ ઢેડ ઔર વો પિટીયા ચમાર."

એમની મહત્વની કવિતાના શીર્ષકો જોઈએ તો - ફૂલવાડો, પશ્ચાતાપ પરિષદ, એક કેરિયર રીસ્ટને, અમે સેકન્ડ ક્લાસ સિટિઝનો, તમારું નખ્ખોદ જજો હરિજનો, ડાસ્ટ સિર્ટફિકેટ, ફોર એડલ્ટ ઓન્લી, જેતલપુ હત્યાકાંડ અને ગોલાણાના પીટરને ગણાવી શકાય.

નીરવ વ્યથિત તો હતા જ. દલિત કવિઓએ પણ તેમની જાંઘ ઊઘાડી કરતી આ કવિતા બદલ કવિને વધુ વ્યથિત કરી મૂક્યા. પેટા જ્ઞાતિવાદ હિંદુ સમાજમાં દલિત જ્ઞાતિઓ, સિવાય પણ છે. અરે બ્રાહ્મણોમાં પણ છે. કવિ આ વાડાબંધીના દૂષણને નષ્ટ કરવા તાકે છે.

'બહિષ્કૃત ફૂલો' (૨૦૦૬)ની પ્રસ્તાવના માત્ર એક પાનાની છે. પ્રિય વાચકને ત્યાં કવિનું સીધું સંબોધન છે. શરૂઆત કેવી છે, જુઓ : "મને ન સહી, મારા શબ્દોને સ્પર્શ કરવાનું સાહસ કરવા બદલ આરંભે જ તારો આભાર માની તને આવકારું છું.' આવું લખતી વખતે સદીઓની દલિત વ્યથા તેમના શબ્દોમાં ઉતરી આવે છે. કવિની વ્યથા આગળ વ્યક્ત થાય છે : "કેવળ કલ્પના કરવીય ગમે છે કે પાટનગરના માર્ગોની જેમ તારું નામ કેવળ ક હોય અને મારું નામ કેવળ ખ હોય; તારે શિરે નનાતની કલગી, મારી પૂઠે ન જાતની પૂંછડી !" લલિત કવિતા અને સાહિત્ય આનંદનું સાહિત્ય છે, જ્યારે દલિત સાહિત્ય એ પીડાનું. કવિ પોતાના ઉદ્દેશને ખાસ સ્પષ્ટતા કરતાં લખે છે : "આ કવિતાઓ લખીને મેં મને ખૂબ ખૂબ પીડ્યો છે. હવે હું તને પીડવા જઈ રહ્યો છું. કારણ કે હું તને મારો વાચક જ નહિ મારો હમદર્દ પણ બનાવવા માગું છું. કદાચ તો જ મારી પીડાનો અંત આવે અને તને-મને-સૌને સાંભળવી ગમે છે એવી કવિતા ક્યારેક રચી શકું... આ પીડા તને વધારે પીડાદાયક થઈ પડે તો રોષે ન ભરાતો, આપણે સંપર્ક સ્થાપીને, સંવાદ રચીને ઉદ્વિગ્ન મનનું સમાધાન કરવાનો સહિયારો પ્રયત્ન કરીશું." કવિ આથી વધુ તો શું કહી શકે ?

તા. ૧/૧/૨૦૦૬ના દિવસે સમસ્ત પટેલ સમાજે સુરત ખાતે મહાલાડુ પ્રસાદ કાર્યક્રમ યોજેલો. પચ્ચાસ હજાર કીલો પ્રસાદ પાંત્રીસ

લાખ બોક્સમાં ભરીને દેશ-વિદેશના પાટીદાર કુટુંબોમાં વહેંચાયેલો. આ જ્ઞાતિવાર પટેલ બિરાદરીને બદલે માનવબિરાદરી બની રહે એ ઉદ્દેશથી નીરવે 'પટેલ લાડુ' કવિતા લખી. જે પણ 'બહિષ્કૃત ફૂલો'માં છે. પ્રત્યેક જ્ઞાતિમાં જ્ઞાતિપટેલ હોય છે. એમ કહીને કવિ આ લાંબી કવિતામાં લખે છે : 'હું ય પટેલ છું, દશકોથી રોહિત સમાજના / જ્ઞાતિપટેલનો દીકરો નીરવ પટેલ' અને અંતે લખે છે :

"આદમબાબાની ઓલાદ આપણે સૌ
આખી પૃથ્વીના પાટીદાર આપણે સૌ
તને યાદ છે,
ત્યારે તો પૃથ્વીને કશા આટાપાટા જ નહોતા ?
તારી નાત આટલી નાની ના કર પટેલિયા
તારી જાત આટલી ઝીણી ના કર પટેલિયા
મૂઠી ધાન માગી ન ઘર દીઠ
બનાવ પટેલ લાડુ મોટ્ટો મોટ્ટો
માણસદીઠ પ્રસાદી પહોંચે તેવડો,
પૃથ્વીના ગોળા જેવડો મોટ્ટો મોટ્ટો."

મારા મતે આપણું ગુજરાતી દલિત સાહિત્ય ઘણું બળકટ છે, તેમાં પ્રવીણ ગઢવી અને મનીષી જાની જેવા અનેક બિનદલિતોનો પણ હિસ્સો છે. દલિત સાહિત્યમાં બળકટ એવા બે અવાજો : જોસેફ મેકવાન અને નીરવ પટેલ. નીરવે થોડુંક ગદ્ય અવશ્ય લખ્યું છે. પરતુ વધારે તે કવિતામાં પ્રગટ થયો છે. એની કવિતા હલબલાવી મૂકે છે, શાંત મનને અશાંત કરી મૂકે છે. નીરવે જ જોસેફ મેકવાનને 'વ્યથાનાં વીતક' (૧૯૯૫)ની પ્રસ્તાવનામાં 'દલિત સાહિત્યનો દાદો' કહ્યા હતા. નીરવ દલિત કવિતાનો લાડકો કવિ છે. એની વિચારધારા સ્પષ્ટ છે, અભિવ્યક્તિ તીવ્ર છે, સંદર્ભો મિથના અને વિશ્વ સાહિત્યના છે. એકવીસમી સદીના મનુષ્યને છાજે તેવી સંવેદના અને સદભાવથી આપણે દલિત સાહિત્યનો અને નીરવની કવિતાનો અભ્યાસ કરવો રહ્યો.

અગાઉ ગાંધીયુગના કવિઓ ઉમાશંકર - સુંદરમ્આદિએ પ્રગતિશીલ કવિતાની એક સરસ પરંપરા ઉભી કરી હતી. તે પીઠિકાનો આધાર લઈને તેમાં આંબેડકરી વિચારધારાનું રસાયણ કરીને ગુજરાતી દલિત કવિતાએ અને નીરવ પટેલ જેવા કવિઓએ કરવા જેવું સુંદર કામ કર્યું છે. આજે સાહિત્યકાર પાસે પોતાની આગવી પીડા નથી, ક્યારેક



ઊછીની પીડાથી એનું કામ ચાલે છે. દલિત સાહિત્યકાર પાસે પોતીકી પીડા પણ છે, અનુભૂતિ છે, તીવ્ર અભિવ્યક્તિ છે. તેથી જ આજકાલ દલિત સાહિત્ય વધુ વંચાય છે. મુશ્કેલી એ છે કે જેટલું વંચાય છે એટલું પોંખાતું નથી. એમાં આપણી કૃપણતા કદાચ આડે આવે છે ! નીરવે પ્રમાણમાં ઓછું લખ્યું છે. લખે ત્યારે ધરા ધ્રુજાવે તેવું લખે. કવિતા વાંચતાં પોતે તો રડે બીજાને પણ રડાવે.

'ભૂમિપુત્ર'તો વિચારનું સામયિક છે. પરંતુ તેણે ઉમાશંકર, સુંદરમ્ જેવા કવિઓના વિશેષાંકો કર્યા છે. આજે એક દલિત કવિ વિશે પણ નોંધ કરવાનું તેને ગમે છે તે બદલ 'ભૂમિપુત્ર અભિનંદનને પાત્ર છે. મારા જેવાને તેથી જ એક કવિ મિત્રને અંજલિ આપવાનો અવસર પ્રાપ્ત થયો તેનો એક રીતે આનંદ પણ છે, બીજી રીતે નીરવને ગુમાવ્યાનું દુ:ખ પણ.

"એકંદરે ઘણો સારો માણસ"

નીરવ પટેલ

1.આપનો રોલ મોડલ (આદર્શ)

નીરવ પટેલ : વંચિત રહેલા માટે પ્રતિબદ્ધ લેખિકા સમાજ સેવિકા અરુંધતી રોય

2. છેલ્લે ક્યારે રડ્યા હતા?

નીરવ પટેલ : "બહિષ્કૃત ફૂલો 'ને ગુ.સા.પ.નું મહેન્દ્ર ભગત પારિતોષિક મળ્યાના સમાચાર
સાંભળીને હર્ષાશ્રુ આવ્યા હતા.

3.દેશ વિશે શું વિચારો છો?

નીરવ પટેલ : અનેક પ્રકારના પ્રશ્નોથી ઘરાયેલા આ દેશ તૂટી જવા ભણી જઈ રહ્યો છે, ને
જાણે કોઈને કંઈ પડી નથી!

4.આપની દૃષ્ટિએ પ્રેમ એટલે...

નીરવ પટેલ : જો સ્ત્રીપુરૂપના સંદર્ભે હોય તો આંતરબાલ્ય વ્યક્તિત્વથી પેદા થતું એકબીજા
માટેનું આકર્ષણ જે અદભૂત આનંદની અનુભૂતિ કરાવે છે.

5.આપની દૃષ્ટિએ લગ્ન એટલે...

નીરવ પટેલ : જૈવિક (જાતીય) આવેગના નિયમન માટે રચાયેલી સામાજિક સંસ્થા જે સુખદુઃખનો આજીવન સાથી પણ આપી શકે છે, ને કિલ્લોલતું કુટુંબ પણ.

6.આપની સફળતાનું રહસ્ય?

નીરવ પટેલ : હું મને સફળ વ્યક્તિ માનતો નથી. અલબત્ત કોઈ પણ
સફળતાને હું પરિશ્રમને કારણે મળેલી ગણું.

8.આપ અન્ય લોકોના આપવા ઇચ્છતા હો તેવો સંદેશ એક વાક્યમાં...

નીરવ પટેલ : આપસી ભાઈચારાથી હળી-મળીને રહો . આ દુનિયાને આપણે સ્વર્ગ બનાવી શકીએ.

9. મનપસંદ અભિનેતા - અભિનેત્રી

નીરવ પટેલ : નસિરુદ્દીન શાહ - રિમેતા પાટીલ

10.મનપસંદ ફિલ્મ

નીરવ પટેલ : પાર

11.મનપસંદ રાજકારણી

નીરવ પટેલ : વિશ્વનાથ પ્રતાપસિંહ, (વી.પી.સિંહ) જે કવિ છે.

12.તમારા વિશે એક વાક્યમાં તમારો અભિપ્રાય શું હોઈ શકે?

નીરવ પટેલ : આ માણસ એકંદરે ઘણો સારો માણસ છે.

13.તમે આ ક્ષેત્રમાં ના હોય તો ક્યા ક્ષેત્રમાં હોત?

નીરવ પટેલ : શિક્ષણ

14.માસ્ક પાર્ટીમાં કયો માસ્ક પહેરવાનું પસંદ કરો?

નીરવ પટેલ : સાન્તાક્લોઝ

15.સૌથી વધુ ખુશ ક્યારે થાવ છો?

નીરવ પટેલ : મારા માપદંડથી કશુંક સારું લખાય છે ત્યારે.

16.તમારી જિંદગીને એક વાક્યમાં વણવિવી હોય તો...

નીરવ પટેલ : અનેક સંભાવનાઓ છતાં વેડફાઈ ગયેલું જીવન.

17.તમારો તક્યા કલામ?

નીરવ પટેલ : ઓહ વન્ડરફૂલ

18.એક ચોરી માફ કરવામાં આવે તો શું ચોરવું પસંદ કરો?
નીરવ પટેલ : પુસ્તક

19. અત્યારે કયું પુસ્તક વાંચો છો?
નીરવ પટેલ : રીટા કોઠારી દ્વારા અનુવાદિત તથા અચ્યુત યાજ્ઞિકની પ્રસ્તાવનાવાળી

જોસેફ મેકવાનની નવલકથા “The Stpechild”

20.ગમતા ગુજરાતી લેખક - કવિ
નીરવ પટેલ : લેખક પ્રકાશ શાહ, કવિ પ્રવીણ ગઢવી

[આરપાર (૧ જાન્યુઆરી ૨૦૦૭)
માં પ્રકાશિત
મલાકાતનો કેટલોક અંશ, સાભાર|

કવિનો કાવ્યરવ

નીરવ પટેલ

નીરવ પટેલ (૨-૧૨-૧૯૫૦ * ૫-૦૫-૨૦૧૯) ગયા અને હૃદય તેમજ ચિત્તને ઝંકૃત કરતો કાવ્યરવ મૂકતા ગયા. સમજની એક રીતે, અપણે 'દલિત' એવી સંજ્ઞા સ્વાભાવિક જ ખપમાં લઈએ છીએ. એમાં ઓળખ અને અસ્મિતા અનુસ્યૂત છે અને કેમ ન હોય, અંતે તો એ કવિતા કાન્તાર સમસ્તમાં અકુતોભય અવાજ બની રહે છે. રમેશચંદ્ર પરમાર આદિએ જગવેલ આંદોલનમાં આપણે ત્યાં, ભાનુ અધ્વર્યુના શબ્દોમાં, રુદ્રવીણાનો જે ઝંકાર પ્રગટ થયો એમાં નીરવ અગ્રયાયી હતા. પહેલવહેલું ધ્યાન એમના તરફ મારું ખેંચાયું એ એક વિલક્ષણ, લગભગ ચમત્કૃતિવત્ કાવ્યોદગાર હતો કે સફરજન પડતું જોઈ ન્યુટનને ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત સૂઝે, પણ એક દલિતવંચિત બાળકને વર્ગમાં આ વાત સાંભળતે સફરજન ખાવાનું સુઝે!

છેલ્લા અઠવાડિયાઓમાં કેન્સર પરખાયા પછી જે અડસઠ કૃતિ (આમ તો આ આંકડો આપણી પરંપરામાં તીરથનો છે.) ચાલી આવી, રેવાલ ને ધ્રોપટ, એમાં સંઘર્ષ, રચનાને નવી દુનિયાની અતોનાત આરત પ્રગટ થતી અનુભવાય છે. આ એકધારા રચનાપ્રવાહમાંથી, કવિના પોતાના સૂચનથી 'વોન્ટેડઃ પોએટ્સ' (નિ. ૧/૧) પ્રકાશિત કરવાનું બન્યું હતું, (શ્રદ્ધાંજલિ સભામાં જાણ્યું કે 'રંગદાર' તરફથી સદ્યપ્રકાશ્ય સંગ્રહનું કવિદીધું નામ પણ આ છે.) છેલ્લી અડસઠ રચનાઓમાંથી થોડીકેક અહીં ઉતારી કવિને વિદાયવંદના પાઠવીએ છીએ.

વખાર

બાપુનાં બહુબધાં નામોમાંનું એક નામ :
હીરો વખારિયો.

એમની વખારમાં અમૂલખ ચર્મપત્રો.
ગામેગામની સીમમાં રખડીરઝળી ભેળાં કરેલાં જેરૂ રતન.
મોજથી મીઠું પીવડાવે,
છેક ખારીનાં કોતરની લાલપીળી આવળનાં ફૂલોના પાણીમાં.
ઝાઝાં વહાલથી પખાળે
ને એમ પાકાં ગલ થયેલાં ચર્મપત્રો. !

અઢારેય વર્ણને
એમાંના એકની જરૂર પડે.
બ્રાહ્મણને વેદ લખવા,
ક્ષત્રિયુને ઢાલ કે મ્યાન બનાવવા,
વાણિયાભાઈને ઘીનાં ફૂલ્લુ બનાવવા,
પાટીદારોને કોસસનાડીજોતર બનાવવા,
મંદિરના પૂજારીને ઢોલનગારે ચઢાવવા,
પારધીને ગોફણગિલોલ બનાવવા
મોચીને પગરખાં બનાવવા...

બાપુ નામેરી બની ગયેલા,
ગામમાં કોઈની મજાલ છે કે
"કોઈ એમનું અપમાન કરે! |
પણ બાપુને કાયમ ઓછું આવે,
તે બોર બોર જેવડાં આંસુએ રડી પડે.
"આટલી. મિલ્કતેય અમે માણહના તોલે તો નૈ ને ?"

બાપુની વખાર તો છલકાવા લાગી.|
માધુપુરાના મોચીઓ ખટારા લઈને
આવવા લાગ્યા,
મીરઝાપુરના કુરેશીઓ ટ્રકો લઈને.
આવવા લાગ્યા.
બાપુનો માલ તો મદ્રાસ ને કાનપુર

જવા લાગ્યો.
બાપુની લોટી તો રાણીછાપ રૂપિયે ઉભરાવા લાગી.
એના ખણખણાટથી ઈર્ષાળુ પાડોશીઓ જાગી જતા,
ચોરોને બાતમી આપી દેતા.
પણ ચૂલાના રાખભરેલા થાળામાં દાટેલી પશા કુંભારના
નિંભાડે પકવેલી
લોટી કદી શોધી શકતા નહી.
એમને થયું સોનાની ગિનીઓ સાચવવી સહેલી પડશે.
ગિનીઓ વેચતા ગયા
ને ખેતરોના ટૂકડા ખરીદતા ગયા.
હીરો વખારિયો તો હવે
હીરો જમીંદાર કહેવાવા લાગ્યો.

બાપુ અડધી રાતે જાગી જતા,
વખાર ખોલીને આંટો મારી આવતા.
એમને થતું વખારને હવે વિખેરી નાખું.

‘કાળા, અમારે તો કાળા અક્ષર કુહાડી બરાબર.
એટલે જે હાથે ચઢ્યું એનાથી જીવતર પૂરું કર્યું.
તું રખે આવી કોઈ વખારનો વખારી બનતો.
મેં શહેરમાં જોયું છો
કાળાકોટ પહેરેલા લોકો.
ઓટકોટ બોલીને પૈસા કમાઈ લે છે!
તું ભણીને ઉજળા ધંધામાં જતો રહેજે.'
ને એક દિ વખાર વિખેરી નાખી બાપુએ.
આજે મારી વખાર જોવા બાપુ તો રહ્યા નથી.
દેશવિદેશનાં માણેકમોતીઓથી ઊભરાય છે મારી વખાર.
હા, એમાં કેબિનવાળા ટોમકાકા સાથે આખી આફ્રિકાન લિટરેચર
સિરીઝ છે,
જોનાથન સીગલ છે,
પર્લ બકની ઓ.-લાલ છે,
રાવજીની સારસી છે,
મારો નામેરી પન્નાલાલ કાળુ છે,
પણે ખૂણે. 'બહિષ્કૃત ફૂલો'ય મહેંક છે.
માર્ક્સ છે, ગાંધી. છે, આંબેડકર છે, ચંદુ મહેરિયા છે.

એમાં દુનિયાભરના કવિઓ-લેખકો-ચિંતકો. છે.
એકેકથી ચઢિયાતાં રતન,
કોનાં કોનાં નામ ગણાવું!

હું નહીં વિખેરું મારી વખાર.
માહી અને મનસ્વી,
મારો એક માત્ર વારસો તે આ વખાર
જે હું હવેથી તમને ભળાવું છું.
બેટા, એના સહારે આપણને લોકો માણસ ગણતા થયા છે.
અમૂલખ છે આ વખાર.
એને કદી વિખેરી ન નાખતાં.

૨૦૧૯નું ઈલેક્શન

શાણા ઘડવૈયાઓએ નાગરિકોને તક આપી :
દર પાંચ વર્ષે તમે પ્રતિનિધિઓ બદલી શકશો,
નાલાયકોને તમે ઉખાડી ફેંકી શકશો,
પ્રજાવત્સલોને તમે ચૂંટી શકશો
ચૂંટણી જનતાનો એક માત્ર અધિકાર :
એ. ચાહે એને રાજસત્તા સોંપી શકે,
એ ચાહે એને વનવાસમાં મોકલી શકે.
પણ પછી પાંચ વર્ષ જનતાએ મૂગામંતર થઈ જવાનું,
કાંડા કાપી આપ્યાં પછી તમારો કોઈ અધિકાર નહીં.
જનતા ચૂંટણીને લોકશાહીનું સૌથી મોટું પર્વ માને.
સૌ હરખભેર મત આપે. :
રોજીરોટી, ઘર, શિક્ષણ, સ્વાસ્થ્ય, સલામતી, શાંતિ, ભાઈચારો,
બેકારી, મોંઘવારી.
જેવા સેંકડો મુદ્દે રિબાતા મતદારો.
હાશકારો અનુભવે. :
હવે સૌ સારાં વાનાં થશે,
ભલા માણસો આવશે
ને બૂરા માણસો હારશે.
પણ મતપેટી ખૂલે કે
ખૂંખાર જાનવરો બહાર નીકળે.
ભોળી જનતા અચંબામાં પડી જાય!
આ કેવું?
કમળને મત આપો તોય ધતૂરો નીકળે?
ગુલાબને મત આપો તોય ગંધીલું ગોબર નીકળે?
ચૂંટણીનાં ગણિતથી બેખબર
જનતાને શી ખબર એની તો
ચૂંટણીની પૂર્વસંધ્યાએ જ નજરબંધી કરી કાઢેલી ચાણક્યોએ!
કાગડાઓ એના હાથમાંથી પૂરી પડાવી ગયા,
ને જનતા મોં વકાસી જોતી જ રહી ગઇ!
હમણાં જ એક ચાણક્યએ ચૂંટણી ઢંઢેરો ખુલ્લો મૂકી દીધો.
એણે કહ્યું :

૨૦૧૯ની ચૂંટણી પાણીપતના ચોથા યુદ્ધ બરાબરની છે!
જો હાર્યા તો મ્લેચ્છો બીજાં હજાર વર્ષ ચઢી બેસશે.
હિંદુ રાષ્ટ્રનું સપનું રોળાઈ જશે!
બિચારી. જનતાનાં બે ફાડિયાં કરી કાઢ્યાં.
જનતાની જાણ બહાર સૌ બહુમતી લઘુમતીમાં વહેંચાઈ ગયા.
એમની આપદાના સઘળા સવાલો આ આઇડેન્ટિટી પોલિટિકસમાં
ઓઝલ થઈ ગયા.
જનતાની નજરબંધી કરવામાં ચાણક્યનો જોટો ન મળે!
લોકશાહીના ઉત્સવનેય એ લોહિયાળ યુદ્ધમાં પલટી શકે
ને યુદ્ધ જીતી શકે.
બિચારી લોકશાહી,
બાપડું બંધારણ,
બાપડા બંધારણના શાણા ઘડવૈયાઓ,
અને બિચારી બાપડી આ દેશની કમનસીબ જનતા!

શાંગ્રિલા

તંગ આવી ગયો છું
આ લિંચિસ્તાનથી.
આ રેપિસ્તાનથી.
આ ભદ્રિસ્તાનથી.

મારું શાંગ્રિલા શોધું છું.

ઘેર ઘેર સોનાનો સૂરજ ઉતારવાનું વચન આપીને
સામ્યવાદીઓ તો અધવચ્ચે જ ફસકી પડયા,
કાં ખુદ જ ફાસિસ્ટ બની ગયા.
ને સમરસતાવાદીઓ તો એમના ઈરાદાઓ સાથે જ
ઉઘાડા પડી ગયા.

હવે એક આશા છે મૃત્યુમાં.

બસ મરું એટલી જ વાર છે.

વેજલપૂરના સ્મશાનગ્રુહના ધૂમાડિયામાંથી છટકીને
આકાશ માર્ગે ઉડતો ઉડતો.
ઉતરું હિમાલયની લીલીછમ તળેટીઓમાં,
ખાનાબદોશોની વસતીઓમાં.
કે એની સદાનીરા સરિતાઓમાં ઓગળી જાઉ.
કે તાજા જ ખેડાયેલા એના કોઈ ખેતરના ચાસમાં રોપાઈ જાઉ.

મને વિશ્વાસ છે મને નવીનક્કોર નાગરિકતા-રાષ્ટ્રીયતા મળશે.
મારી હાલત ઈરાક કે મ્યામારના શરણાર્થીઓ જેવી નહીં થાય.

લોકો કહે છે અહીંના સૌ નાગરિકોને બૌદ્ધ ધર્મરાજા
જેવાં જ લૂગડાં મળે છે.
રાજારૈયતમાં કશો ફરક જ નહી.
કોઈ મારા પોશાકથીય વર્તી નહીં શકો
હું પુરુષ છું કે સ્ત્રી.

ન કોઈની કોટે પવિત્ર જનોઈઓ,
ન કોઈની પૂંઠે સાવરણાઓ.
હું દલિત. છું કે બ્રાહમણ --
અહીં તો કોઈને એવી કશી જાણફિકર જ નહીં કોઈના વિશે.

સૌ માનવી.
સૌ સરખા.
સૌ સરખા સુખી,
સૌ સરખા દુઃખી.

કોઈને પિઝ્ઝાને કોઈને ખડધાન
એવું નહીં.
કોઈને બંગલીને. કોઈને છાપરી.
એવું નહીં.
કોઈને પિટર ઈંગ્લેન્ડને
કોઈને કાંઠલા વગરનું બાંડિયું
એવું નહીં. '

જીવવાના અને મજેથી જીવવાના
મારા મહત્ત્વના કામમાં કશી ખલેલ ન પડે
ને ઉપરથી મદદ મળે,
તો મારે ભોળાભાઈને જાણીને શું કામ છે
મારા દેશમાં રાજાશાહી છે કે લોકશાહી?

એનો મુદ્રાલેખ આપણા નીરોલેન્ડના મુદ્રાલેખ જેવો જ છે અદ્દલઃ
“સૌનો સાથ., સૌનો વિકાસ. --
કોઈ પાછળ રહી જવું ના જોઈએ,
કોઈને કપાળે 'ઉજળિયાત' કે 'પછાત'ની. ઓળખ છૂંદેલી
ના હોવી જોઈએ..
માનવીના જીવનના ભોગે પ્રગતિ નહીં,
ભલે દુનિયા 'પછાત' કહીને હાંસી ઉડાવતી.
એટલે જ તો માનવી માત્રને સુખ મળે
એ દેશને શાંગ્રિલા કહેવાય. છે.

ભલે નથી રેલ કે રસ્તાઓ.
પણ હેપિનેસની વર્લ્ડ ઈન્ડેકસમાં'
મારો નવો દેશ આવે છે સર્વ પ્રથમ.
અહીં જીડીપી નહીં, જીએનએચ મપાતી રહે છે.
કોઈ કહે તો ખરું
દેવભૂમિ દ્વારકામાં દલિત દેવદાસી તરીકે જીવવામાં
નાગરિકનું શું ગૌરવ છે?
આઈ એમ પ્રાઉડ ઓફ માય ન્યૂ નેશનાલિટી,
માય ન્યૂ સિટિઝનશીપ.

તો. ઝાઝા જુહાર, માય મધરલેન્ડ
બાય બાય, માય ફાધરલેન્ડ
અલવિદા, માય કાસ્ટ્સલેન્ડ.



મદારી/નીરવ પટેલ

ત્રણ દિવસથી એક મદારીએ શહેરમાં ધામા નાખ્યા છે :
મોટા મોટા કલ્પનાતીત મેગા ઈવેન્ટ લોન્ચ કરીને
એણે નાગરિક માત્રની નજરબંધી કરી લીધી છે. .
નાગરિકો તો આ તમાશાઓથી આભા જ રહી ગયા છે!
કક્કો ભણેલાને કક્કો નહીં ભણેલા સૌ

માંહોમાંહે પૂછી રહ્યા છે આ વિદેશી શબ્દોના અર્થ :
વાઇબ્રન્ટ ગ્લોબલ સમિટ
એટલે શું?
આ કરિશ્માઈ મદારી પર એમનો ભરોસો ઓર વધતો જાય છે.
તે માનવા લાગે છે અ અલાદીન જ
દેશની કાયાપલટ કરી દેશે.
આ ગરીબ દેશ હવે શાંગહાઈ-ટોક્યો બની જશે.
અને આપણે સૌ સૂટેડ બૂટેડ રિસ્પેકટેબલ નાગરિકો.
મદારી ત્રણ દિવસે સી-પ્લેઈનમાં બેસી અલોપ થઈ જાય છે
ને લોકોની નજરબંધી તૂટવા લાગે છે.
ઇવેન્ટ મેનેજમેન્ટવાળા કરોડો રૂપિયા ખિસ્સામાં મૂકી શામિયાણાના
વીંટા વાળી લે છે
કે નાગરિકોને ભાસ થાય છે
આપણને કોઈ જબરજસ્ત સપનું બતાવી ગાયબ થઈ ગયું!
શહેરની ગરીબી, શહેરની બેકારી, શહેરની મોંઘવારી
શહેરની હર સમસ્યા તો
જેવી વિકરાળ હતી તેવી પાછી નાગી દેખાવા લાગે છે.
વિકાસના નામે જેવી તેવી ઝૂંપડીઓ હતી તેય બૂલડોઝરો તોડીફોડી
નાખે છે.
નથી બચ્ચાં માટે નિશાળોમાં માસ્તરો, નથી માંદા માટે કિફાયતી
દવાખાનાં,
નથી રહા રૈનબસેરા.
નથી મળતી નોકરી, નથી ઘરમાં નમકઆટો.
પણ મદારી પાછો આવવાનો છે; આનાથી પણ મોટાં મોટાં
સપનાં બતાવી તમારી કાયમી નજરબંધી કરવા.

કવિતા

અને આજે કવિતારાણી રુસણે બેઠાં છે :
"તમે રોજ રોજ પોલિટિકલ સેટાયર લખો છો, અને નામ મારું પડે છે.
તમે રોજ રોજ દલિતોનાં ગાણાં ગાવ છો, ને નામ મારું પડે છે.
કોઈ કોઈ વાર ઈતર વંચિતો-શોષિતોનાં વિતક ચિતરો છો મારા નામે.
તમને નથી લાગતું,
તમે કોઈ મનોરુગ્ણતાનો શિકાર બની ગયા છો?
તમે ક્યારેય મારે માટે, મારા પ્રેમ માટે ગીત-ગઝલ લખી?
આજે તો તમે લાખ કોશિશ કરો,
હું નહીં રિઝું.'
પ્રિય કવિતા, તને ખબર છે હું માત્ર તારો અને તારો જ પ્રતિબદ્ધ પ્રેમી છું.
વાર્તા-નાટક-નવલકથા મને પટાવવા ઘણાં લટકાં મટકાં કરે છે,
પણ હું એમને સહેજ પણ ભાવ આપતો નથી.
હું છેક કોલેજકાળથી તારા પ્રેમમાં પડયો છું,
તે આજે વૃદ્ધત્વના આરેય તને
અને તને જ ચાહું છું પૂરી વફાદારીથી.
તને યાદ છે 'કવિની પ્રેયસી' કવિતામાં
માત્ર શબ્દોથી જ કોરો પ્રેમ કરતા ગગન વિહારી કવિઓનો મેં કેવો
ઉપહાસ કર્યો હતો?
મેં કહ્યું હતું કે પ્રેમ જ કરવો હોય તો પડ નવસ્રી થઈને ધરામાં,
ને કરસન ગોવાળિયાની બાથમાં ભીડા,
તો તને ખબર પડશે
પ્રેમની મીઠી માયા ને મીઠી પીડા.
ચાલ, આજે તને સાબરમતીના કાંઠે લાગેલા ફૂલોના મેળામાં લઈ જાઉં.
આજે દલિત-પલિત બધું વેગળું,
આજે હું ને મારી પ્રિયતમા કવિતા.
જુવાનિયાઓ ભલે મજાક ઉડાવે,

આજે એકેએક ફૂલછોડની સાખે
તસતસતા આલિંગનોની સેલ્ફીઓ લઈએ.
બને કે ત્યાં જ કોઈ પ્રેમગીત લખાઈ જાય ને મારા પર તું રીઝી પડે ...
પ્રિય કવિતા, તું પ્રેમ કરવાનું છોડી દે,
તો બિચારાં દીનદલિતદુખિયાઓને કોઈ કવિ પ્રેમ કેમનો કરશે?

રીવર ફ્રંટ

નદી કાંઠાનું તમારું ગામ.
તે નદી તમારી જીવનદોરી.
તમે સેંકડો વર્ષોથી
જે નદીના કાંઠે રહેતા હોય,
એને કોઈ ચોર ચોરી જાય તો!
તમે વહેલી સવારે ઊઠીને સૂર્યનમસ્કાર કરી સ્નાન કરતા આ
નદીમાં.
તમે નદી કાંઠે ઊતરી એનું કોપરા જેવું જળ પીતા.
બપોરે છોકરડાઓ એમાં ધૂબાકા મારતા.
દેશી જાળ બાંધીને બે ટંકનાં માછલાં પકડતા.
પડખેના ભાઠામાં રિંગણટમેટાંની વાડી કરતા.
કન્યાઓ વ્રતપૂજા કરતી.
વિદાય થયેલા વડીલોનાં ફૂલ પધરાવતા.
એકવાર લંડન બ્રીજ પર નીરો ગયો,
ને થેમ્સની ઝાકઝમાળથી એવો ઘેલો થયો કે એણે ત્યાં જ નક્કી
કરી લીધું :
બસ અસ્સલ આવી જ રીવરફ્રન્ટ બનાવું મારા દેશમાં!
એણે તો આરસીસીના તોતિંગ સ્લેબથી આખી નદીના બેઉ
કાંઠા નાથી લીધા.
એણે પહેલાં પૂર્વ કાંઠાની નાકાબંધી કરી લીધી.
પછી એણે પશ્ચિમ કાંઠાની નાકાબંધી કરી લીધી.
ન કોઈ ગામનો રહેવાસી નદીમાં પ્રવેશી શકે, ન કોઈ
પ્રાણીપારેવું!
નદીકાંઠેના બિચારાં વૃક્ષોનો તો ખાતમો જ બોલી ગયો.
હવે ત્યાં વિદેશી મહેમાનો હિંચકે ઝૂલે છે.
પૈસાદાર હોય એ એમ્યુઝમેન્ટ પાર્કમાં મહાલી શકે છે.
હવે ત્યાંથી અમીરો માટે સી-પ્લેઈન ઊડે છે: મહેસાણાથી
અમદાવાદ
ને અમદાવાદથી ખંભાત
લાંબી હવાઈપટ્ટી બની ગઈ છે નદી.
જેની નદી હતી એ ગામડિયાઓને ભાગે તો
એલિસબ્રિજની રેઈલિંગમાંથી આ જોણાં બચ્યાં છે.

નીરોના એજન્ડામાં નાગરિકોની પ્રાથમિક સુવિધાઓ હતી જ ક્યાં?
એની તો બસ એક જ જિદ છે,
નાગરિકો મરે કે જીવે,
આ દેશને જાપાન અને અમેરિકા બનાવી દેવો છે.
આ દેશને સુપર પાવર બનાવી દેવો છે.